Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

હરિઃ ૐ

# હરિભાવ

Year : 19 - Issue : 8

May, 2015



(અનુષ્ટુપ)

હરિ કદી ન ક્હે પોતે ‘મને ભજો તમે બધાં’,
ગરજ જો તમારી હો તો તો તમે ભજો સદા.
તે આવે છે કહેવા ના કે મારી પ્રાર્થના કરો,
તમારી દિલ-સ્વેચ્છાએ જે હો કરવું તે કરો.

\- શ્રીમોટા

‘ભાવજ્યોતિ’, પ્ર. આ., પૃ. ૨૦



મૌન એ ખરેખર મુમુક્ષુને માટે અત્યંત શક્તિદાયક છે. બોલવાનું ધીમે ધીમે ઓછું કરો. બહુ બોલવાથી શક્તિનો વ્યય થાય છે અને મનનું ચાંચલ્ય વધે છે.

શું બોલનારનાં બોર વેચાય અને ન બોલનારનાં નારંગી ન વેચાય ?

- શ્રીરંગ અવધૂત

'શ્રીરંગ પત્રમંજૂષા-ભાગ-૧', પ્ર. આ., પૃ. ૭૨

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૧૯ અંક : ૮ મે, ૨૦૧૫

## અનુક્રમ

૧. અમારી વફાદારીને કોણ સમજે ? ............. શ્રીમોટા ૪
૨. સંતોના ઉત્સવથી ભક્તિ વધવી જોઈએ . શ્રીઉપાસની બાબા ૫
૩. શ્રીસદ્‌ગુરુ દેવાધિદેવ છે ................ સ્વામી રામદાસ ૭
૪. જીવદશાની બુદ્ધિ ટૂંકી છે ...................... શ્રીમોટા ૮
૫. માગુ એક નખ્ખોદ ! ........... રામનારાયણ વિ. પાઠક ૯
૬. શબ્દોચ્ચારનું મહત્ત્વ .................. સ્વામી સદાશિવ ૧૩
૭. એકને જાણીએ તો... .................. આનંદશંકર ધ્રુવ ૧૪
૮. 'નામ' જીવ અને શિવ વચ્ચેની કડી છે .... શ્રી ગોંદવલેકર ૧૫
૯. સાધકે તો સદ્‌ભાવી જ રહેવું ઘટે. .............. શ્રીમોટા ૧૬
૧૦. સ્ત્રી-સન્માનની સંસ્કૃતિ ........................ અજ્ઞાત ૧૭
૧૧. આત્માનુભવ માટે બુદ્ધિ અને હૃદયની
એકતા અનિવાર્ય ........... કવિ સાગર જગન્નાથ ત્રિવેદી ૧૯
૧૨. મુક્ત હોય તે મુક્તિ અપાવે........ સ્વામી શ્રી નિત્યાનંદ ૨૦
૧૩. ગાંધીજીના બે પ્રસંગનું સ્મરણ ......... કિસનસિંહ ચાવડા ૨૨
૧૪. ભાષા અંગે .........પંન્યાસ મુક્તિવલ્લભ વિજય મ.સા. ૨૪
૧૫. 'જીવન' અંગે વિચારો એજ પ્રાર્થના ............ શ્રીમોટા ૨૫
૧૬. સંસારીને ..................................... શ્રીમોટા ૨૬

### જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના સ્વજન દંપતી શ્રીમતી લલીતાબહેન રામભાઈ પટેલ (પલાણા) હાલ અમેરિકા તરફથી તેઓશ્રીની સુપુત્રી **શ્રીમતી ઉષાબહેન દિનેશકુમાર પટેલ** (અમેરિકા)ની ૬૦મી જન્મ જ્યંતિ નિમિત્તે 'હરિભાવ' ના આ અંકના પ્રકાશનમાં સહયોગ અપાયો છે. આ સત્કાર્ય બદલ અમો એ સમગ્ર પરિવારના ખૂબખૂબ આભારી છીએ.

**- સંપાદક**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની, શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, 'હરિભાવ' ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક :-**
**શ્રી સુરેશ વૉરા (મો.) ૯૪૨૭૫૫૪૩૯૧**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી પાંચ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ'
C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઇ-બૅંકિંગ : ખાતાનું નામ : 'હરિવાણી ટ્રસ્ટ'**
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ.
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**હરિભાવ ઉપલબ્ધ હોય છે.**

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર**, (૦૭૯)૨૭૫૪૩૬૯૯
* Subject to Ahmedabad Jurisdiction

## (૧) અમારી વફાદારીને કોણ સમજે ? શ્રીમોટા

અમે તો કોઈનેયે તરછોડી શકતાં નથી. અમને જ જે તે કોઈ તરછોડ્યાં કરે છે, અને ઉપરથી તેઓ અમને કહે છે કે અમારે તેમને ન તરછોડવાં ! આવી હકીકત તો ઊલટી ઊંધી વાત છે. અમારા હૈયામાં જે પ્રગટેલાં છે, તે તો ત્યાંના ત્યાં જ રહેવાનાં છે. ભલેને તેવા જીવો અમને લાતો મારે, અમને જંપ કે નિરાંત ન વળવા દે. અમારે તો એમના જીવનમાં પ્રભુકૃપાથી ભળવું છે, તે ભળવું છે જ, પણ તેઓ અમને અંદર પેસવાની મોકળાશ કરી આપતાં નથી. આ હકીકત તદ્દન સાચી છે. **અમારી જે તેમના પરત્વેની વફાદારી છે, તેને કોણ ઓળખે અને કોણ સમજે ?** અમારે કોઈ વાતે તેનો બચાવ કરવાની જરૂર ન હોય. અમને કોઈ ચાહે કે ન ચાહે, છતાં જેમને પ્રભુકૃપાથી અમારાં ગણેલાં કે માનેલાં છે તેમને તેમને અમારાં કર્યાં વિના અમને જંપ કેમેય વળવાનો નથી. પ્રભુના ભાવ વિના બીજે ક્યાંય તરી ઊતરવા આરો નથી. એ જ મહાન છે, સમર્થ છે પણ એને કોણ લેખામાં ગણે છે ?

અમને જો કોઈ વફાદાર અને પ્રમાણિક ન રહેતું હોય તો શું અમારે તેને તેટલું યાદ પણ ન દેવરાવવું ? તો તેમ પણ ભલે હો. અમારે તો કોઈને પણ કશી વાતે દુઃખી કરવાં નથી, તેમ દુઃખી જોવાં પણ નથી. કિંતુ જેઓ પોતાની મેળે દુઃખના ગર્તમાં પડ્યાં કરતાં હોય છે, ત્યાં પણ દોષ કોને દેવો ભલાં ? પ્રભુસ્મરણ વિના કશું બનવાનું નથી. માટે કૃપા કરીને હૃદયમાં સાધનને વળગી રહેવાનું કરીશું, તો તો કંઈક આરો આવી શકવાનો હોય તો આવી શકે. **હજી તો સાધનને પકડ્યું જ ક્યાં છે ? પકડીને એને વળગી રહ્યાં કરો.** એનામાં એકભાવે રમ્યાં કરો. એને હૃદયમાં જીવતું રાખો. એને પ્રમાણિક રહો, વફાદાર રહો, તો તો કંઈક પત્તો ખાય.

**"હૃદે ચાહેલાંને મુજ કરીશ, જંપીશ તવ હું'** એમ કોક ઠેકાણે લખેલું છે. અહીં 'તવ' એટલે 'ત્યારે'ના અર્થમાં છે. એટલે અમને કોઈએ તે બાબતમાં કહેવા જેવું નથી રહ્યું. અહીં તો પ્રભુકૃપાએ જીવનમાં ચાહ્યાં કરવાનો ભેખ ધારણ થઈ ચૂકેલો છે. એમાંથી અમને કોઈ ચલિત કરી શકે તેવું નથી. ઘણાંઓએ (અમને) અન્યાય કર્યો છે, કોઈકે ગાળો પણ દીધી છે, અપમાન કર્યાં છે, અપકાર કરેલાં છે, મનમાં કંઈ કંઈ વિચારેલું છે, અન્યથાપણે પણ ધારેલું છે. છતાં શ્રીપ્રભુકૃપાથી દિલમાં તે તે સર્વ પરત્વે એક માત્ર સદ્ભાવ અને પ્રેમની ભાવના જ વહ્યાં કરેલી છે. એવા કારણથી જ જીવ્યામાં આનંદ પ્રગટે છે.

આપણાથી દોષ થાય, ભૂલ થાય, કારણ કે હજી આપણે જીવ છીએ. દોષ કે ભૂલ તો જીવનને પલટો ખવરાવનાર ગુરુ બની જાય છે. પ્રભુના સ્મરણમાં મન, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ને પરોવી દેવામાં જ બસ મથ્યાં કરો. નામસ્મરણ સતત એકધારું ચલાવ્યે રાખો.

'જીવનપોકાર', બી.આ; પૃ. ૩૨૬ ❑

### વિજ્ઞપ્તિ

'હરિભાવ'ને લગત કોઈપણ કામ અંગે શ્રી સુરેશભાઈ વૉરાનો જ (મોબાઈલ નં. ૯૪૨૭૫૫૪૩૯૧) ઉપર સંપર્ક કરશોજી. **- સંપાદક**

# (૨) સંતોના ઉત્સવથી ભક્તિ વધવી જોઈએ

શ્રીઉપાસની બાબા

કેટલાક દિવસો પહેલાં હું શિરડીમાં હતો ત્યારે ખાવા પૂરતો પણ પ્રયત્ન કરતો હતો. તોપણ મને કોઈ ખાવા આપતું નહિ. ભીખ માગવા જઉં તો ભગાડી મૂકે. એટલે હું ભૂખ્યો રહેતો. તે સમયના આ વાસુકાકા છે. તેમને પૂછો. તેઓ કહેતા કે ‘હું તમને ભીખ માગીને ખવડાવીશ’, પરંતુ હું કહેતો કે ખાવા નહિ મળે તો શું મરણ જ આવશેને ? ડૉક્ટરના મત પ્રમાણે એકવીસ દિવસના ઉપવાસથી મરણ થાય છે. મારે એનો અનુભવ લેવો હતો. ઘણા દિવસો સુધી ન ખાતાં, ઉપવાસ કરી અંતકાળની સ્થિતિનો અને અંતકાળ આવ્યા પછીનીનો અનુભવ મેં લીધેલો છે. સર્વ જગતનું વિસ્મરણ થઈ, જગતની બહારનો અનુભવ થવા લાગ્યો ત્યારે સર્વ જગતથી અલગ થયો એમ સમજાયું. **જીવતા હોવા છતાં મરણનો અનુભવ આવવો જોઈએ, કારણ જીવન, મરણ ઉપર અને મરણ, જીવન ઉપર અવલંબે છે.**

જન્મ લેનારનું કાયમ માટે મૃત્યુ ઠરેલું જ છે અને મૃત્યુ પામેલાંને ફરીથી જન્મ આવતો જ હોય છે. આવાં જન્મમરણ ચૂકવવા માટે જ અવતારી પુરુષોના જન્મદિવસ ઊજવવાનો રિવાજ છે. અહીંયાં બે દિવસ પહેલાં (મારા) જન્મદિવસ નિમિત્તે જે ઉત્સવ સમારંભ કર્યો તે તમારા લોકોના કલ્યાણની દૃષ્ટિએ ઉત્તમ જ થયું, પણ હવે દર વર્ષે તમે મારો જન્મોત્સવ કરો એ મને મારી દૃષ્ટિએ બરોબર લાગતું નથી.

રામકૃષ્ણ જેવા પૂર્ણ અવતારી મહાપુરુષો જન્મ-મરણરહિત હોય છે. તેમના જન્મોત્સવ કરવાથી આપણાં જન્મમરણ ટળે છે. અને જ્યાં રામકૃષ્ણાદિ હોય તે જ સ્થાન આપણને મળે છે. જન્મ લેવાની પાળી જ જો આવે તો જગતના કલ્યાણ માટે જન્મ લેવાનો વારો આવશે.

**ભક્ત :** મહારાજ, રામકૃષ્ણાદિના અવતારો અમે ક્યાં જોયા છે ! અને પૂર્ણ પરબ્રહ્મના અવતારરૂપે જ્યારે આપ અમારી સામે પ્રત્યક્ષ દેખાવ છો તેથી આપનો જ જન્મોત્સવ દર વર્ષે થવો જ જોઈએ એવું અમને નિશ્ચિતપણે લાગે છે. અમારા કલ્યાણ માટે આપનો જન્મોત્સવ કરવામાં આપ કેમ પ્રતિબંધ કરો છો ?

**મહારાજ :** આવી જ તમારી સદ્‌બુદ્ધિ હોય તો જરૂર તમારાં જન્મમરણ ટળશે. આવી જાતની તમારી દૃઢ ભાવના હોય તો તમારે મારો પણ જન્મોત્સવ ઊજવવો હોય તો હરકત નથી, પણ પોતે પોતાને ઘેર ઊજવવો.

**ભક્ત :** જેનાથી તે સમયે અહીં (સાકોરી) આવવું અશક્ય હોય તે ભલે ઘેર કરે, પણ જેને અહીં આવી ઊજવવાનું શક્ય હશે તે અહીં આવીને ઊજવશે.

**મહારાજ :** હું અહીં ન કરવો એમ શા માટે કહું છું ? કે જન્મોત્સવને નિમિત્તે તમે અહીં આવી મારી સામે પૈસા વગેરે મૂકો છો તે મને બહુ ખરાબ લાગે છે, કારણ સેંકડો લોકોએ જન્મોત્સવ નિમિત્તે ખાસ અહીં આવી પૈસા મૂક્યા. એટલે તે નિમિત્તે લોકોને બોલાવી પૈસા ભેગા કરવાની અમે એક યોજના જ કરી હોય એવું દેખાય છે. **તો અહીં પૈસા વગેરે ન મૂકતાં જન્મોત્સવ કે બીજી કોઈ પણ રીતે તમે ભક્તિમાર્ગ વધારતા રહો તો તેમાં મને કોઈ વાંધો નથી.** સારું, ચાલો હવે ઈશ્વર ઈચ્છાથી જે ઠર્યું હશે તે થશે.

‘શ્રીઉપાસની વાક્‌સુધા’, પ્ર.આ; પૃ. ૨૧૮ ❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી ઉષાબહેન દિનેશકુમાર પટેલની ૬૦મી જન્મજયંતિ નિમિત્તે જ્ઞાનદાન હસ્તે - માતાપિતા શ્રીમતી લલીતાબહેન રામભાઈ પટેલ (પલાણા) | અમેરિકા | ૧૧,૧૧૧/- |
| ૨. | શ્રી જે. કે. દેસાઈ (૮૨મી વર્ષગાંઠ ૧૧/૪ નિમિત્તે) | મુંબઈ | ૪,૧૦૦/- |
| ૩. | જગદીશભાઈ મારફતીયા | મુંબઈ | ૨,૫૦૦/- |
| ૪. | ઉમેચંદભાઈ એન્ડ કસુમ્બાબહેન ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે - શ્રી ટી.યુ. મહેતા | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૫. | સદ્ગત જીવણલાલ કે. ઠાકોરની પુણ્યસ્મૃતિમાં હસ્તે-શ્રી રામચંદ્ર મકવાણા | અમદાવાદ | ૧,૫૦૦/- |
| ૬. | પૌત્ર ચિ. યશના જન્મ (તા. ૧૨-૩-૧૫) નિમિત્તે હસ્તે - શ્રી શિવલાલ ત્રિભોવનદાસ જોષી | બારડોલી | ૧,૧૧૧/- |
| ૭. | દોહિત્રી દર્શિનીના જન્મ (તા. ૨૮-૧૨-૧૪) નિમિત્તે હસ્તે - શ્રી ઈચ્છાશંકર ત્રિભોવનદાસ જોષી | અમદાવાદ | ૧,૧૧૧/- |
| ૮. | એ. પી. વ્યાસ | અમદાવાદ | ૧,૦૦૧/- |
| ૯. | જીગર નિતીનભાઈ તમાકુવાલા | સુરત | ૧,૦૦૧/- |
| ૧૦. | પોપટલાલ ગિરધરલાલ એન્ડ કું. | અમદાવાદ | ૭૫૧/- |
| ૧૧. | શ્રીમતી રમાબહેન મુકુન્દરાય ભટ્ટ | મુંબઈ | ૫૦૧/- |
| ૧૨. | મહેશચંદ્ર માણેકલાલ ભટ્ટ | નડિયાદ | ૫૦૦/- |
| ૧૩. | અશોક કંચનલાલ સાદડીવાલા | સુરત | ૫૦૦/- |
| ૧૪. | જયદેવી મહિપતરાય ભટ્ટ | સુરત | ૫૦૦/- |
| ૧૫. | વી. આર. ભટ્ટ | મુંબઈ | ૩૫૦/- |
| ૧૬. | સુપુત્ર સિદ્ધાર્થના લગ્ન નિમિત્તે હસ્તે-શ્રીમતી ભાવનાબહેન શૈલેષભાઈ પંડીત | કલકત્તા | ૨૫૧/- |
| ૧૭. | પૌત્રી ચિ. કેજલના જન્મદિન નિમિતે (૧૯/૪) હસ્તે - નંદકુમાર ચાવડા | વડોદરા | ૨૫૧/- |
| ૧૮. | અરવિંદભાઈ આર. પટેલ | આણંદ | ૨૫૦/- |
| ૧૯. | વસંતપ્રભાબહેન પૂનમચંદ શાહ | સુરત | ૧૫૧/- |
| ૨૦. | એક સ્વજન | સુરત | ૧૫૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

# (૩) શ્રીસદ્‌ગુરુ દેવાધિદેવ છે

**સ્વામી રામદાસ**

સદ્‌ગુરુ વિનાનો સત્‌શિષ્ય હોય તોપણ તે વ્યર્થ છે અને જો સત્‌શિષ્ય ન હોય તો સદ્‌ગુરુનો શ્રમ વ્યર્થ જાય છે. સદ્‌ગુરુ સંપૂર્ણ કૃપા કરે છતાં શિષ્ય જો અનધિકારી હોય તો તે પણ ભાગ્યશાળી પિતાના ભિખારી પુત્રની પેઠે જાણવું. સદુપાસના, સત્કર્મ, સ્વધર્મ, સત્સંગ અને નિરંતર નિત્યનિયમ એ સર્વનો જ્યાં યોગ હોય ત્યાં શુદ્ધ જ્ઞાન સ્થિર થાય છે. સદ્‌ગુરુ જો ધારે તો અનેક પ્રયત્નો વડે શિષ્યના અવગુણોને બદલી શકે છે. એટલા માટે **સદ્‌ગુરુ હોય તો જ સન્માર્ગની પ્રાપ્તિ થાય.** સદ્‌ગુરુના વચનમાં પૂર્ણ વિશ્વાસ રાખી અનન્ય ભાવથી સદ્‌ગુરુના શરણ થઈને રહેવું, તે જ મુખ્યત્વે કરીને સત્‌શિષ્યનું લક્ષણ છે અને તેને સત્‌શિષ્ય જાણવો.

સંસારનાં દુઃખોથી દુઃખી થયેલો હોય અને જે ત્રિવિધ તાપથી દગ્ધ થયેલો હોય તે જ પરમાર્થ માર્ગનો અધિકારી થયો એમ જાણવું. જેણે ઘણું દુઃખ ભોગવ્યું હોય તેનામાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. સંસારનાં દુઃખોને લઈને જ વૈરાગ્યની ઉત્પત્તિ છે. જેની પાછળ સંસારનો ત્રાસ હોય તેનામાં પરમાર્થ પ્રત્યે વિશ્વાસ ઊપજે છે અને એ વિશ્વાસના બળથી જ તે સદ્‌ગુરુ-ચરણનો આશ્રય પકડે છે. જે સદ્‌ગુરુના વચનથી શાંતિ પામી ચૂક્યો હોય તેને સાયુજ્યમુક્તિનો અધિકારી સમજવો. સંસારનાં દુઃખોથી તે કદાપિ દુઃખી થતો નથી.

**સદ્‌ગુરુથી પણ જેને દેવ શ્રેષ્ઠ લાગે છે તે અભાગીઓ છે.** સદ્‌ગુરુસ્વરૂપ જ નિત્ય છે અને સદ્‌ગુરુના અભાવે જે હરિ-હરાદિક સગુણ દેવોને શ્રેષ્ઠ માને છે તે અભાગીઓ છે, કેમ કે ‘કલ્પ’-ના અંતમાં સગુણ દેવોનું સામર્થ્ય ચાલતું નથી. સદ્‌ગુરુનું સામર્થ્ય અધિક છે. સદ્‌ગુરુના સામર્થ્યની આગળ બ્રહ્માદિક દેવો કાંઈ જ નથી, પરંતુ રંક એવા અલ્પબુદ્ધિ મનુષ્યો તે જાણતા નથી. સદ્‌ગુરુદેવની તથા દેવતાઓની જે તુલના કરે તે શિષ્ય દુરાચારી જાણવો. તેના અંતરમાં ભ્રાંતિ ઊપજવાને લીધે સિદ્ધાંત વાત જાણી શકતો નથી. મનુષ્યોએ ભાવના વડે દેવને કલ્પીને મંત્રો વડે તેનામાં દેવત્વ આણેલું છે, પરંતુ સદ્‌ગુરુસ્વરૂપ તો ઈશ્વરથી પણ કલ્પી શકાય તેમ નથી. એટલા માટે **દેવથી કોટિગણા વધારે એવા સંપૂર્ણ રીતે સદ્‌ગુરુ જ છે.** સદ્‌ગુરુપદથી વિશેષ ચડિયાતું અન્ય કશું જ નથી. તો પછી માયાજનિત દેવસામર્થ્ય તે કેટલું ?

જેના ઉપર સદ્‌ગુરુની કૃપા થઈ છે તેની આગળ બીજાનું સામર્થ્ય ચાલી શકે નહિ. સદ્‌ગુરુકૃપાના બળથી અને અપરોક્ષ જ્ઞાનની પ્રબળતાથી માયા સાથે અખિલ બ્રહ્માંડ તેના કાંઈ લેખામાં જ હોતું નથી. સત્‌શિષ્યનો વૈભવ આવો હોય છે. સદ્‌ગુરુના વચન ઉપર સત્‌ શિષ્યનો દઢ વિશ્વાસ હોય છે, તેથી સ્વતઃ જ દેવાધિદેવ (સદ્‌ગુરુ) બની જાય છે. અનુતાપ વડે અંતઃકરણ તપ્ત થવાથી ચિત્તશુદ્ધિ થયા પછી સદ્‌ગુરુના વચનથી શાંતિ પામીને એ વચનને અનુરૂપ ચાલવા-વર્તવા માંડે એટલે

**(અનુસંધાન પૃ. ૧૨ પર)**

# (૪) જીવદશાની બુદ્ધિ ટૂંકી છે

**શ્રીમોટા**

હું મારા ગુરુમહારાજ પાસે ગયો હતો ત્યારે એવું કહેતા કે **'હું મંગળમાં ગયો હતો.'** પહેલાં હું બોલું ખરો. પછી તો બોલતો નહિ, છાનોમાનો બેસી રહું ! એટલે મેં કહ્યું, 'બાપજી, મંગળ તો પાર વગરનો દૂર છે.' બે પગવાળા માનવીથી તો જવાય જ નહિ. અશક્ય વાત છે. આ વિજ્ઞાનીઓ પ્રયત્ન કરી રહ્યા છે. આ બલૂન છે, આ વિમાન છે, એ દ્વારા માણસ ગયો હોત પણ એમ બન્યું નથી.'

ગુરુમહારાજે મને બેચાર ગાળ દીધી અને કહ્યું, 'સાલા, અહીંથી માણસો ત્યાં જાય છે, ત્યાંથી માણસો અહીં આવે છે. મંગળ છે. બીજે બધે ઠેકાણે આપણા જેવી પૃથ્વીઓ છે - ત્યાં આપણા જેવા મનુષ્યો છે. એ મનુષ્યો અહીં પૃથ્વી ઉપર ઊતરે છે અને આપણી પૃથ્વી ઉપરથી બીજી પૃથ્વી ઉપર જાય છે. 'ઊર્ધ્વ ગચ્છન્તિ' એમ કરીને કંઈક શ્લોક બોલ્યા, એ ગીતામાં છે ખરું કે જે ઊર્ધ્વ પ્રકૃતિવાળા હોય તે ઊર્ધ્વમાં જાય છે અને નિમ્ન પ્રકૃતિવાળા નિમ્ન પ્રદેશમાં જાય છે. આપણા દેશમાં નિમ્ન થયેલા હોય એ જીવ નિમ્ન એવા લોકમાં જાય અને ઊર્ધ્વ પ્રકૃતિનો હોય તે ઊર્ધ્વ પ્રકારના લોકમાં જાય. એમ જ મને બંધબેસતું લાગ્યું.

પણ આ તો કોક કોક એવા લોકો ખરેખર મનુષ્યના સ્વરૂપમાં જીવતાજાગતા પૃથ્વી ઉપર આવે છે અને ઉચ્ચ પ્રકારના લોક પણ અહીં આવે છે પણ હજુ સુધી કોઈએ ઊતરેલા પ્રત્યક્ષ જોયેલા હોય એવું મારી છોંતેર વર્ષની ઉંમર સુધી ક્યાંય પણ છાપાંમાં વાંચ્યું નથી પણ મારા ગુરુમહારાજ એમ કહેતા ખરા. એ વખતે મારી બુદ્ધિની શક્તિ કેટલી ? મારી બુદ્ધિ જ જીવદશાની અને **આ જીવદશાની બુદ્ધિ ટૂંકી છે.** એ જે છે એ દ્વંદ્વવાળી છે અને દ્વંદ્વાતીત થયેલી નથી. અથવા તો જ્ઞાનની દશામાં પણ પ્રગટી નથી. એવી બુદ્ધિશક્તિ જ્ઞાનની દશામાં કેવી રીતે પહોંચી શકે ? માટે એમ વિચાર્યું કે આ સ્થિતિમાં મારે તો એમ માનવું કે કદાચ એ સાચું પણ હોય અને કદાચ સાચું ના પણ હોય. પણ આમ નથી જ અને એ ખોટું જ છે, એમ માનવાને તારી બુદ્ધિ લાયકાતવાળી નથી. તું એમ કહી શકે કે ભઈ, પૉસિબલ (શક્ય) છે કે ઇમ્પૉસિબલ (અશક્ય) છે. આ બેમાંથી એક હોઈ શકે, એમ બહુ બહુ તો તું કહી શકે. એ શક્ય નથી એમ કહેવાની તારી બુદ્ધિની શક્તિ નથી, કારણ કે તારી બુદ્ધિ જ્ઞાનમાં પ્રગટ થયેલી નથી. અજ્ઞાનવાળી તારી બુદ્ધિ છે અથવા તો પ્રકૃતિયુક્ત તારી બુદ્ધિ છે. એ પ્રકૃતિવાળી તારી બુદ્ધિથી પ્રકૃતિની જે કંઈ હોય તે વિશે તું અભિપ્રાય આપી શકે. પરંતુ જે જ્ઞાનનો વિષય છે અને જ્યાં સુધી તું પ્રકૃતિમાં છે ત્યાં સુધી એ જ્ઞાનના વિષય વિશે અભિપ્રાય આપવાને તારી બુદ્ધિ લાયકાતવાળી નથી. આમ મને સૂઝ્યું કે આ સાલુ, આ વિશે અભિપ્રાય આપવો તે ખોટો છે. આપણે શાંત રહેવું. અથવા તો અભિપ્રાય આપવો હોય તો, 'મે બી પૉસિબલ - મે નૉટ બી પૉસિબલ' હોય પણ ખરું અને ના પણ હોય એમ માનવું.

આજે એમ લાગે છે કે આવા જ્ઞાનવાળા લોકો નિમિત્ત સંબંધ જ્યાં હશે ત્યાં જઈ શકતા હશે. જતા હશે એમ આજે મને સાચું લાગે છે, ત્યારે સાચું લાગતું ન હતું.'

'તદ્રૂપ-સર્વરૂપ', પ્ર. આ., પૃ. ૧૦૭ ❑

## (૫) માગુ એક નખ્ખોદ !

રામનારાયણ વિ. પાઠક

ગામના જોશીફળિયામાં રઘનાથ ભટ્ટનું ખડકીબંધ ઘર હતું. રઘનાથ ગીતાપાઠ કરતા હતા. બહાર તારવાળાનો અવાજ સાંભળી એ ઊઠ્યા. તારનું નામ સાંભળી એ ચિંતામાં પડી ગયા. બાવીસેક વરસની તેમની વિધવા દીકરી ગંગાએ કહ્યું : 'બાપુ ! ચિંતા ન કરશો. આ વરસે ઘેર આવવાનું મોડું થયું તેથી ભાઈએ તાર કર્યો હશે.' વૃદ્ધ રઘનાથે ગામમાં જઈને કોઈની પાસે તાર વંચાવ્યો. એય ઝાઝું ભણેલો ન હતો. મહામુશ્કેલીએ તાર વાંચી એણે કહ્યું : 'મુકુંદ એના મિત્રો સાથે પહેલી ટ્રેનમાં આવે છે.' મિત્રો કેટલા એ તારમાં લખેલું ન હતું.

રઘનાથે ઘેર આવી દીકરીને કહ્યું : 'ગાડી આવવાનો વખત થઈ ગયો છે. રસોઈનું કેમ કરીશું ?' દીકરીએ કહ્યું : 'ભાઈને લાડુ પસંદ નથી, શીરો ભાવે છે. તેથી શીરો કરીશું. સાથે ભજિયાં કરીશું.'

રઘનાથ ગામમાંથી ઘી લઈ આવ્યા. ભજિયાં માટે કોળું મળ્યું, તેનાં એ પાતળાં પતીકાં કરવા બેઠા. ગંગા, ભજિયાં માટે ચણાનો લોટ દળવા બેઠી.

રઘનાથ ભટ્ટનાં માબાપ તેમને નાનો મૂકી ગુજરી ગયાં હતાં. પણ પોતાની જ હિંમતે એ કાશી જઈને ભણ્યા હતા. ગામમાં તેમની પ્રતિષ્ઠા સારી હતી. તેમની પત્ની નવ વરસની ગંગાને અને છ વરસના મુકુંદને મૂકી ગુજરી ગઈ હતી અને બંને સંતાનોને ભટ્ટજીએ જ ઉછેરી મોટાં કર્યા હતા. ગંગા ચૌદમે વરસે વિધવા થઈ ઘેર આવી હતી. તે હવે ઘર સંભાળતી હતી. મુકુંદ અમદાવાદની કૉલેજમાં ભણતો હતો, એ સહાધ્યાયીઓમાં ખૂબ લોકપ્રિય હતો. તેની ટેનિસની રમત વખણાતી હતી. બાપ તેને વધારે પૈસા મોકલી શકતા નહિ, પણ મિત્રો આગળ ગરીબ દેખાવું તેને ગમતું નહિ. તે પોતાની સ્થિતિથી ઘણું વધારે ખરચ કરતો અને ચોપડીઓના ખોટાં બહાને એ ઘણીવાર બાપ પાસેથી પૈસા મંગાવતો. આજે તેના કેટલાક પૈસાદાર મિત્રો સાથે તે વૅકેશન ગાળવા આવતો હતો.

બાપ અને દીકરી રસોઈની ધાંધલમાં હતાં, ત્યાં બહાર એકો આવી ઊભો. મિત્રોને 'કમ ઑન, કમ ઑન' કરતો મુકુંદ તેમાંથી ઊતર્યો. મુકુંદની પાછળ તેના બે મિત્રો હાથમાં ટેનિસનું રેકેટ લઈને ઊતર્યા. 'ભાઈ, આવ્યો !' કહી રઘુનાથ ઊભા થયા, ત્યાં ઘંટીનો અવાજ સાંભળી મુકુંદ બોલી ઊઠ્યો : 'આ અત્યારે ઘંટી કોણ ચલાવે છે ?' તરત હસતા મોઢે બહાર આવી ગંગાએ કહ્યું : 'ભાઈ, તમારે માટે ભજિયાંનો લોટ દળતી હતી.'

મુકુંદે એ જ અવાજમાં કહ્યું : 'તે હજી તમે રસોઈ નથી કરી ? મેં તાર કર્યો હતોને ?'

રઘનાથે કહ્યું : 'તાર તો હજી હમણાં જ મળ્યો.' પણ મુકુંદે એ વાત માની નહિ. કહે : 'તાર તે કેમ મોડો મળે ?'

ગંગાએ કહ્યું : 'ભાઈ, એ તો અમને શી ખબર પડે ? પણ તમે નાહીધોઈ પરવારશો એટલામાં રસોઈ તૈયાર હશે.'

ખડકી ઉપરની મેડી ઉપર સૌને ઉતારો અપાયો. એકાવાળાએ ભાડું માગ્યું. મુકુંદે રૂપિયો કાઢીને ફેંક્યો. રઘનાથે કહ્યું : 'એકા તો આઠદશ આનામાં આવે છે. ભાડું શું ઠરાવ્યું હતું ?'

મુકુંદે કહ્યું : 'અમે તો કોઈ દિવસ ભાડું ઠરાવતા નથી. અને એટલી રકમમાં પાછું શું માગવું ?' એકાવાળો રૂપિયો લઈ ચાલી ગયો. પણ પોતાના ઘરની સ્થિતિ આમ ચાર છ આના પાછા લેવા જેવી છે એ વાત ચોળાતાં મુકુંદને બહુ માઠું લાગ્યું.

મિત્રો વગેરે નાહીધોઈ તૈયાર થયા ત્યારે રસોઈ તૈયાર હતી. જુવાનોને સંકોચ ન થાય એ સારું વૃદ્ધ રઘનાથે પોતે પાછળથી જમવાનું રાખ્યું. પાટલા લોટા તૈયાર હતા. ત્રણે કૉલેજિયનો જમવા બેઠા. ભાણામાં શીરોપૂરી જોઈ મુકુંદનો પિત્તો ગયો. તે બોલી ઊઠ્યો : 'શીરો કેમ કર્યો છે ? પૂરણપોળી કેમ ન કરી ? અને શાક તો બિલકુલ કર્યું જ નથી.'

ગંગાએ ધીરજથી જવાબ આપ્યો : 'ભાઈ, આજે બીજું કરવા જેટલો વખત જ ન હતો, પણ ભજિયાં કર્યાં છે.'

ઉપરી અમલદાર તાબેદારનો ખુલાસો સ્વીકારતા હોય એવા અવાજે મુકુંદે કહ્યું : 'ઠીક ત્યારે, શેનાં કર્યાં છે ?'

'કોળાનાં.'

મુકુંદને આ અસહ્ય લાગ્યું. તેણે ચાખવા જેટલી રાહ જોઈ નહિ, તેને તો કોળાનું નામ જ ખરાબ લાગ્યું. તેનાથી મોટા અવાજે બોલી જવાયું : 'કોળાનાં તે કંઈ ભજિયાં કહેવાય ?'

ગંગાને ઘણું ઓછું આવ્યું. તે કંઈ બોલી નહિ. મુકુંદને પણ પોતાની પ્રતિષ્ઠા માટે એ બરાબર લાગ્યું. તેણે બહેનની સામું પણ જોયું નહિ.

જમ્યા પછી મિત્રો મેડા ઉપર આરામ કરવા સૂતા, પણ મુકુંદને ઊંઘ આવી નહિ. તેનું ચિત્ત વિચારે ચડ્યું કે ડોસાએ મારી બધી પ્રતિષ્ઠા ઉપર પાણી ફેરવ્યું. હવે આખી કૉલેજ માનશે કે હું ગરીબ છું. હવે મારે ડોસા સાથે ચોખવટ કરવી જ જોઈએ. આજ લગી મેં એમનું બહુ માન રાખ્યું, હવે નહિ.

મેડી ઉપરથી ઊતરી એ રઘનાથ પાસે ગયો. પુત્રની વર્તણૂકથી એમને માઠું લાગ્યું હતું, તેથી રુચિ નથી કહી એ જમ્યા પણ ન હતા. મુકુંદ એમની પાસે જઈ બેઠો અને બોલ્યો : 'આવું હું ક્યાં લગી સહન કરી શકું ? તમે મારા ભાઈબંધોના દેખતાં મારી પ્રતિષ્ઠા ખોવડાવી છે. તમે નકામા બહુ લોભ કરો છો. હું પૈસા વિના હેરાન થાઉં છું.'

રઘનાથ ખિન્ન પણ શાંત સ્વરે બોલ્યા : 'પૈસા તો છે એટલા મોકલું છું. બીજા ક્યાંથી કાઢું ?'

મુકુંદે કહ્યું : 'તો ખેતરો વેચી કાઢો !, હું મારા અભ્યાસ માટે ગમે તેટલો ભોગ આપવા તૈયાર છું.'

રઘનાથે કહ્યું : 'ખેતરો વેચી દઈએ, તો ગંગાનું શું થાય ?'

મુકુંદે કહ્યું : 'ગંગાની ચિંતા કરવાની જરૂર નથી. અત્યારે બરાબર ખરચ કરીએ તો મારે સારી ઓળખાણ પિછાણ થાય અને ભવિષ્યમાં

તેનો ફાયદો થાય. ગંગાનો નિભાવ તો તેથી સહેજમાં થઈ જશે.'

મુકુંદ મોટો થઈને કમાય એ રઘનાથને એટલું બધું અસંભવિત ન લાગ્યું પણ કમાઈને બહેનને નિભાવે એ અસંભવિત લાગ્યું. એક નિઃશ્વાસ નાખી એ માત્ર એટલું જ બોલ્યા : 'એમ ન થાય !'

ગંગાએ આ વાત બીજા ઓરડામાં રહીને સાંભળી હતી. પણ મનનો ભાવ દબાવી એ નિત્યનિયમ પ્રમાણે બે હાંડા લઈને પાણી ભરવા નીકળી. ગંગા પાણી ભરીને આવી ત્યારે મેડી ઉપર સૂતેલા મિત્રો જાગ્યા હતા અને મુકુંદ તેમની સાથે જોરશોરથી વાતો કરતો હતો. બે હાંડા માથે લઈને ખડકીમાં પેસાય એવું ન હતું, તેથી એક હાંડો ઊતરાવવા ગંગાએ ભાઈને બૂમ મારી, પણ મુકુંદે કંઈ સાંભળ્યું નહિ. વૃદ્ધ રઘનાથે એ સાંભળ્યું. એમણે દોડી આવી ગંગાના માથેથી એક હાંડો ઊતરાવ્યો, દરમિયાન રઘનાથે અને ગંગાએ મેડી ઉપર ચાલતી ચર્ચાના શબ્દો સાંભળ્યાં. તે સાંભળી રઘનાથ અને ગંગા બેઉ સમજી ગયાં કે મુકુંદ ઘર, ગંગા-પોતા સિવાય-સર્વને વિશે ઘણું જ અપમાનકારક બોલતો હતો. કંઈ પણ બોલ્યા વિના બંને ઘરમાં ગયાં.

સાંજના પાંચેક વાગ્યે મુકુંદ એકો લઈ આવ્યો. કહે : 'મારા મિત્રો જાય છે. હું સ્ટેશને મૂકવા જાઉં છું.' આમ કહી જવાબની રાહ જોયા વિના એ હાથમાં લાકડી ફેરવતો મિત્રોની સાથે ચાલ્યો.

ઘરમાં સર્વત્ર સૂનકાર થઈ ગયો. કોઈ મોટું તોફાન અનેક વહાણોને તોડીફોડી ડુબાડી પસાર થઈ જાય અને પછી દરિયામાં શાંતિ ફેલાય તેવી શાંતિ ઘરમાં ફેલાઈ રહી. સાંજે ગંગાએ કહ્યું : 'બાપુ, જમવા ઊઠોને, તમે સવારના જમ્યા નથી.' પણ રઘનાથ કશું બોલ્યા નહિ.

કોઈ રીતે બાપની વાચા ખોલાવવા ગંગાએ બોલવા માંડ્યું : 'તમે શા સારુ મારી આટલી ચિંતા કરો છો, બાપા ? હું કંઈ નિરાધાર નથી થઈ ગઈ. મારે ભાઈ જેવો ભાઈ છે.'

રઘનાથે મનમાં જ બોલતા હોય તેમ કહ્યું, 'એ હવે આપણો નથી રહ્યો. એ ગયો જ સમજો !' બરાબર એ વખતે બહારથી એકાવાળાનો અવાજ આવ્યો, 'એ મુકુંદ ગયો છે.'

મુકુંદ મિત્રોની સાથે જ ટ્રેનમાં ચાલ્યો ગયો હતો અને એકાવાળાની સાથે તેણે ઘેર આ સંદેશો કહેવડાવ્યો હતો. એકાવાળાના શબ્દો પિતા પુત્રી વચ્ચે ચાલતી વાતમાં એવા બંધ બેસી ગયા કે કોઈએ કંઈ પૂછવાનું રહ્યું નહિ.

બહુવાર પછી રઘનાથે ગંગાને કહ્યું :' આપણે અંબાજી ગયાં હતાં અને ત્યાંથી કુંભારિયાનાં દેરાં જોવાં ગયાં હતાં તે યાદ છે ?'

વાત બદલાય અને પિતાનું મન શાંત થાય એ આશાએ ગંગાએ કહ્યું : 'હા'

'એ દેરાં વિમળશાએ બંધાવેલાં. વિમળશા માતાજીનો ભક્ત હતો.'

ગંગાને લાગ્યું કે પિતા સ્વસ્થ થતા જાય છે. તેથી તે ઉત્સાહથી હોંકારો દેવા લાગી.

રઘનાથે કહ્યું : 'તે એકવાર અંબાજી દર્શન કરવા જતો હતો. રસ્તામાં એક મોટી વાવ આવી. તેમાં તે પાણી પીવા ગયો. વાવનાં પગથિયાં ઉપર વણજારો બેઠો હતો. તેણે પાણીનો પૈસો માગ્યો. વિમળશાએ 'શેનો' એમ પૂછ્યું. વણજારાએ વાવનો શિલાલેખ બતાવી કહ્યું કે 'આ વાવ બાંધનાર પીથો મારો દાદો થાય. અમારી સ્થિતિ બગડી ગઈ એટલે હું મારી બાપુકી વાવ ઉપર લાગો લેવા આવ્યો છું.' વિમળશાને થયું કે 'મેં આવાં દેરાં બંધાવ્યાં પણ મારી પછવાડે કપૂત જાગે તો મારાં દેરાંનીય આવી દશા થાય !'

ગંગાનો હોંકારો શિથિલ પડતો ગયો.

'પછી એ અંબાજી પાસે ગયો. તેને અંબાજી પ્રસન્ન થયા. કહે : 'બેટા, માગ માગ !' વિમળશાએ કહ્યું : **'માજી, બીજુ કંઈ ન માગું. માગું એક નખ્ખોદ !'** હવે ગંગાનો હોંકારો નિઃશ્વાસ જેવો થઈ ગયો હતો- બીજી વાર કહ્યું : 'માગ, માગ !' ફરી વાર પણ નખ્ખોદ માગ્યું. ત્રીજી વાર પણ નખ્ખોદ માગ્યું.'

ડોસા ફરી નીરવ શાંતિમાં પડ્યા.

આખા ઘરમાં મૃત્યુ જેવી શાંતિ છવાઈ રહી.

'પિતા પહેલા ગુરુ', પ્ર. આ; પૃ. ૧૭૮ ❑

**શ્રીસદ્‌ગુરુ... (અનુસંધાન પૃ. ૭નું ચાલુ)**

બ્રહ્માંડ ઊંધું વળી જાય તોપણ તેમનો શુદ્ધ ભાવાર્થ-અચળ ગુરુભક્તિ ચલાયમાન થાય જ નહિ અને સદાચરણી બનીને શુદ્ધ ઈશ્વરસ્વરૂપ થઈ જાય છે.

વિષયમાં જેને સુખ લાગતું હોય અને દેખાદેખીથી લૌકિક રીતે જેઓ પરમાર્થ સંપાદન કરવા ઈચ્છતા હોય એવા વેષધારી ઢોંગી અસત્ શિષ્ય હોય છે. આવા શિષ્યો દેખાદેખીથી જ સદ્‌ગુરુના શરણે જાય છે. એવાઓની વૃત્તિ પ્રપંચના વિષયમાં અનિવાર્ય થાય છે તથા તેઓ સંસારની જાળમાં લપટાઈ જાય છે. પરમાર્થ વિષયમાં આલસ્ય અને સાંસારિક વિષયમાં પ્રીતિ રાખવાથી તેઓ કેવળ કુટુંબના ભારવાહક મજૂર જેવા થઈ જાય છે. વિષયાસક્ત પુરુષથી પરમાર્થ પ્રાપ્તિ થઈ શકતી નથી. એવાઓએ પુનઃ સદ્‌ગુરુના શરણે જઈને સેવાથી સંતોષ પમાડી, સદ્‌ગુરુકૃપાનું સંપાદન કરી પુનઃશુદ્ધ થવું રહ્યું. અસત્ શિષ્ય ભૂખતરસને સહન કરી શકતો નથી, નિદ્રા તેના અંકુશમાં હોતી નથી અને તેના મનમાંથી કુટુંબની ચિંતા મટી જતી નથી.

'શ્રીદાસબોધ', પ્ર.આ; પુનઃપ્રકાશન, પૃ. ૨૦૨ ❑

## જાણ માટે

'હરિભાવ'ના આજીવન ગ્રાહકપદને લગત હમણાં ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ અંગે કેટલાંક સૂચન પત્રથી કે ફોન દ્વારા મળે છે. બનશે તો આગામી અંકમાં વિગતે સ્પષ્ટતા કરાશે.

- સંપાદક

# (૬) શબ્દોચ્ચારનું મહત્ત્વ

**સ્વામી સદાશિવ**

બાળકોને ભણાવતી વખતે (અક્ષરોના) ઉચ્ચારણ તરફ ધ્યાન અપાતું નથી, કારણ કે શિક્ષકો પણ તે જાણતા હોતા નથી. તેથી ઉચ્ચારણની પ્રથા બગડી ગઈ છે, વિકૃત સ્થિતિમાં પહોંચી ગઈ છે. વાસ્તવિક જીવનગઠન અને જીવનશુદ્ધિ સાથે શબ્દોચ્ચારણને ઘનિષ્ઠ સંબંધ છે. જીવન એ ફાવે તેમ હાલવું, ચાલવું, બોલવું, બેસવું કે ઊઠવું તે નથી, પરંતુ જ્યારે જીવનની પ્રત્યેક ચેષ્ટા વ્યવસ્થિત રીતે કરવામાં આવે છે, ત્યારે જીવન વાસ્તવિક સુખદાયી નીવડે છે. આધુનિક શિક્ષા, દીક્ષા અને વિજ્ઞાનના પ્રતાપે પ્રાયશઃ આપણું બાહ્યજીવન સુવ્યવસ્થિત કરી શક્યા છીએ એમ કહી શકાય, પરંતુ આંતરજીવનને સુવ્યસ્થિત કર્યા સિવાય જીવનવ્યવસ્થા અપૂર્ણ રહી જાય છે.

આંતરજીવનમાં મન, બુદ્ધિ, વાણી તથા પ્રાણ મુખ્ય સ્થાન ધરાવે છે. તેથી તેઓની શુદ્ધિ અને વિકાસની જરૂર હોય છે. આકાશ એ કારણતત્ત્વ હોવાથી આપણને આકાશમાંથી બધાં તત્ત્વો મળી રહે છે. તેથી શુદ્ધ વાતાવરણવાળી ખુલ્લી જગ્યામાં હરવા ફરવાથી આપણું ચિત્ત સ્વભાવતઃ પ્રસન્ન થાય છે, કેમ કે તે મુક્ત આકાશમાંથી બધાં તત્ત્વોના સૂક્ષ્મ કણો આપણને મળી રહે છે. તેમ જ આકાશના ગુણ શબ્દતત્ત્વનું સંશોધન વિકસન કરવાથી શરીરમાં રહેલાં બીજાં તત્ત્વોનું પણ સંશોધન થઈ જાય છે. શબ્દ-તન્માત્રાની ગતિની સાથે સાથે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ ચાર તન્માત્રાઓની ગતિ થાય છે. જો શબ્દની ગતિ રૂંધાઈ જાય તો બીજા ચારની ગતિ પણ રૂંધાઈ જાય છે.આ પ્રમાણે સૂક્ષ્મ નાડીઓમાં સૂક્ષ્મ તન્માત્રાની ગતિ અટકી પડવાથી સૂક્ષ્મ સાથે સંબંધ ધરાવનાર સ્થૂળ નાડીઓના રક્તરસના પ્રવાહની ગતિ પણ અટકે છે. **ગતિરોધ (Stag-nation) એ જ સર્વ રોગ, સર્વ સડા અને સર્વ દુઃખનું કારણ છે.**

શબ્દના ઉચ્ચારણમાં પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન આ પાંચ પ્રાણવાયુની વિશેષ ઉપયોગિતા છે. શબ્દનું ઉચ્ચારણ કરવાથી શરીરસ્થ વાયુમાં જે કંપન ઊપજે છે તે કંપન પ્રાણ મારફતે પૃથ્વીતત્ત્વની શુદ્ધિ કરે છે. અપાન મારફતે જલતત્ત્વની, સમાન મારફતે તેજતત્ત્વની, ઉદાન મારફતે વાયુતત્ત્વની અને વ્યાન મારફતે આકાશતત્ત્વની શુદ્ધિ કરે છે. કોઈ પણ શબ્દનું એકાદવાર ઉચ્ચારણ કરવાથી તત્ત્વોમાં થતી ક્રિયા પ્રતિક્રિયાઓ ન જ સમજી શકાય, પરંતુ વારંવાર વિહિત ઉપાય વડે સ્વાધ્યાય (વેદપાઠ) કે મંત્રજાપ કરતા રહેવાથી કાળાંતરમાં તેની ક્રિયા પ્રતિક્રિયાઓ જોઈ કે સમજી શકાય છે. ધીરે ધીરે આ શબ્દ કે મંત્રની પ્રતિક્રિયાઓ મનના સંકલ્પ વિકલ્પ, ભાવનાઓ તથા બુદ્ધિના વિચાર ઉપર પણ અસર પહોંચાડે છે. કોઈ પણ મંત્રોચ્ચારમાં વર્ણનું શુદ્ધ ઉચ્ચારણ, ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત સ્વર, હ્રસ્વ, દીર્ઘ, પ્લુત માત્રા અને બલ એટલે ઉચ્ચાર વખતે અક્ષર ઉપર આપવામાં આવતો ભાર આ ચાર વિષયનું યોગ્ય જ્ઞાન હોવું એ મુખ્ય વિષય છે.

**(અનુસંધાન પૃ. ૨૧ પર)**

## (૭) એકને જાણીએ તો...

આનંદશંકર ધ્રુવ

પૂર્વે ઉદ્દાલક નામે એક બ્રાહ્મણ ઝૂંપડી બાંધીને રહેતો હતો. એ પોતે વિદ્વાન હતો. પરંતુ તેના પુત્ર શ્વેતકેતુને ભણવાનું ગમતું નહિ. આઠમા વર્ષે યજ્ઞોપવિત (જનોઈ) દીધા બાદ પણ ગુરુને ઘેર જઈ વિદ્યા પ્રાપ્ત કરવા શ્વેતકેતુ ઉત્સુક ન હતો. પરંતુ પિતાની મનોવ્યથા સમજીને બાર વર્ષ સુધી દૂર એક ગુરુને ઘેર રહી વિદ્યા ભણી આવ્યો. પણ વિદ્યાપ્રાપ્તિ બાદ શ્વેતકેતુ જાણે કે બદલાઈ જ ગયો હોય એમ એના પિતાએ જોયું ! પહેલાં એ તોફાની હતો પણ નિરભિમાની અને માયાળુ હતો. જ્યારે હવે ઠરેલો પણ અભિમાની અને અક્કડ દેખાયો. પિતાને સમજાયું કે દીકરાને ખરા ધર્મનું, પ્રભુના જ્ઞાનનું શિક્ષણ મળ્યું નથી.

પિતાએ પુત્રને પાસે બેસાડીને કહ્યું કે વિદ્યા ભણ્યાનું તું બહુ અભિમાન રાખે છે અને અક્કડ દેખાય છે. પણ મારા એક પ્રશ્નનો તું જવાબ મને આપ.'એવો કયો પદાર્થ છે કે જે એકને જાણવાથી સર્વ કાંઈ જાણવામાં આવી જાય ?' શ્વેતકેતુએ કહ્યું, 'પિતાજી, એકને જાણ્યાથી તે વળી બધાનું જ્ઞાન શી રીતે થઈ જાય ?'

પિતા બોલ્યા, જો ભાઈ, આ માટી છે. તેને પૂરેપૂરી જાણી લઈએ તો માટીનો ઘડો, કોડિયું, ઇંટ વગેરે જે જે પદાર્થ માટીમાંથી થાય છે તે આપણે જાણી શકીએ. તે સર્વ પદાર્થો જુદાં જુદાં નામ માત્ર છે તેમ સમજી શકાય. તે જ પ્રમાણે લોઢાને બરાબર જાણીએ તો લોઢામાંથી બનેલી સર્વ વસ્તુને જાણી શકીએ.

આ પ્રમાણે પરમેશ્વરને જાણી લઈએ તો પરમેશ્વરમાંથી સર્જાયેલ તમામ પદાર્થને જાણી શકીએ. આ તમામ પદાર્થ પરમેશ્વરનાં રૂપ ખરાં પણ એ પદાર્થો એ જ પરમેશ્વર નહિ. જે આ પૃથ્વીમાં રહે છે, છતાં જેને પૃથ્વી જાણતી નથી એ પરમેશ્વર જે જળમાં, વાયુમાં, સૂર્ય, ચંદ્ર, તારા, પશુપંખી, મનુષ્ય વગેરેમાં અને આ બ્રહ્માંડમાં ભરેલા અસંખ્ય પદાર્થોમાં રહે છે, છતાં એ પદાર્થો જેને જાણતા નથી એ પરમેશ્વર.

જેમ ખારા પાણીમાં એકરસ રહેલું મીઠું અથવા દૂધમાં ભળેલી સાકર દેખાતી નથી પણ અનુભવાય છે, તેમ આ જગતમાં રહેલો ઈશ્વર દેખાતો નથી પણ અનુભવાય છે. આ વિશ્વમાં સઘળી શક્તિ ઈશ્વરની છે. સઘળું એનું જ બનેલું છે. એનામાંથી જ ઉત્પન્ન થયું છે, એનામાં જ રહે છે અને અંતે એનામાં જ સમાઈ જવાનું છે. એના સઘળા પદાર્થો એકઠા વસે છે. એકબીજા સાથે સંઘાયેલા ગૂંથાયેલા છે અને એક જ રચનાનાં અંગો છે. કોઈ તળાવમાં કાંકરો નાખતાં પાણીનાં કૂંડાળાં આખા તળાવમાં ફેલાય છે. ઘડિયાળનાં ચક્રો એકબીજાં સાથે એવી રીતે સંકળાયેલાં-જોડાયેલાં છે કે એક ચક્ર ચાલે એટલે બીજું ચક્ર ચાલે, એ રીતે આખી ઘડિયાળ ચાલે. એ જ રીતે આખા વિશ્વનું

**(અનુસંધાન પૃ. ૨૯ પર)**

## (૮) 'નામ' જીવ અને શિવ વચ્ચેની કડી છે

**શ્રી ગોંદવલેકર**

નામ એટલે ભગવાનનું નામ. સાધનાની દૃષ્ટિએ દેવનાં નિરનિરાળાં નામોમાં ફરક નથી. **નામ એ જીવ અને શિવ વચ્ચેની કડી છે.** નામ એ સાધન પણ છે અને સાધ્ય પણ છે. નામ સગુણ છે અને નિર્ગુણ પણ છે. નામનો આરંભ સગુણમાં છે તો છેવટે અંત નિર્ગુણમાં છે. આરંભ સગુણમાં છે એમ કહેવાનું કારણ એ કે ભગવાન જે મૂળમાં નિર્ગુણ, નિરાકાર છે, તે જેવા સગુણમાં આવ્યા કે તેવાં જ નામ અને રૂપ તેમને લાગુ પડ્યા અને સગુણરૂપ નાશ પામ્યું તોયે નામ સિલક જ રહી ગયું. આમ, **સગુણ અને નિર્ગુણ ભક્તિનો આધાર જ નામ છે.** નામ એ આપણી વૃત્તિ અને ભગવાનને જોડનારી સાંકળી જ છે. લગ્ન થયાં પછી સ્ત્રી જેમ પતિ સાથે એકરૂપ બની જાય છે, તેમ વૃત્તિના નામની સાથે લગ્ન થઈને તે નામરૂપ બની જવી જોઈએ. નામ એ અત્યંત સૂક્ષ્મ છે અને વૃત્તિ પણ સૂક્ષ્મ છે. એટલે નામ લેવાથી વૃત્તિ સુધરશે. વૃત્તિ સુધરી કે ચિત્ત શાંત થશે (અને) ચિત્ત શાંત થયું કે નિષ્ઠા ઉત્પન્ન થશે. બધાંનો ભાવાર્થ એક જ છે.

અન્નને પોતાનો સ્વાદ હોય છે. તેમાં આપણી રુચિ પ્રમાણે આપણે મરીમસાલો કે મીઠાશ નાખીને તે ખાઈએ છીએ, પણ નામને પોતાનો એવો સ્વાદ નથી. તેમાં આપણે જ આપણી મીઠાશ ઉમેરીને તે શોખથી, પ્રેમથી લેવું જોઈએ. જેટલા વધારે પ્રેમથી આપણે તે લઈએ એટલી વધારે મજા આપણને એ લેવામાં આવશે. પંઢરપુર જવા માટે ઘણા રસ્તા છે, પણ આખરે દર્શન કરવા માટે તો બારીમાંથી જ દાખલ થવું પડે છે, તે પ્રમાણે બીજાં સાધનો ભલે કરીએ, પણ છેવટે નામસ્મરણથી જ આત્મ-સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. આપણે નામ લઈએ, આપણા જ કાને તે સાંભળીએ અને તે લેતાં લેતાં છેવટે પોતાને ભૂલી જઈએ એ જ નામસાધનામાં રહેલો આનંદનો માર્ગ છે.

જેમ આપણું આપણાપણું આપણાં નામમાં છે, તેમ દેવનું દેવપણું તેમનાં નામમાં છે. આપણે આજે જે નામ લઈએ છીએ તે જ નામ છેવટ સુધી કાયમ રહે છે, પરંતુ દેહબુદ્ધિ જેમ જેમ કમી થતી જાય છે તેમ તેમ નામ વધારે ને વધારે વ્યાપક અને અર્થપૂર્ણ બનતું જાય છે અને છેવટે નામ એ પરમાત્મસ્વરૂપ જ છે એવો અનુભવ આવે છે.

પાણી એ જેમ શરીરનું જીવન છે તેમ નામ એ મનનું જીવન બની જવું જોઈએ. નામ એટલું તો ઊંડું ઊતરી જવું જોઈએ કે જીવની સાથે જ તે છૂટે. અંતકાળે છેક છેવટે છૂટવાની વસ્તુ તે ભગવાનનું નામ હોવું જોઈએ. **નામમાં જ છેલ્લો શ્વાસ જવો જોઈએ.**

નામ સદ્‌ગુરુ પાસેથી જ લેવું જોઈએ એવું અનિવાર્ય નથી, કારણ કે ભગવાનનું નામ સ્વતઃ સિદ્ધ છે અને પરિપૂર્ણ છે. છતાં પણ સદ્‌ગુરુ પાસેથી લીધેલાં નામની ખાસ વિશેષતા છે. સદ્‌ગુરુ પાસેથી લીધેલ નામમાં, નામસ્મરણ થવામાં તેમની ખૂબ મદદ મળી શકે છે. વળી, આપણાથી થતું નામસ્મરણ સદ્‌ગુરુની સત્તાથી જ થઈ રહ્યું છે એનું ભાન આપણને રહેવાથી 'હું નામસ્મરણ કરું છું' એવી રીતનો અહંકાર ઉત્પન્ન થવાનો અવકાશ જ રહેતો નથી. છતાં સદ્‌ગુરુ દ્વારા 'નામ' મળે ત્યાં સુધી આપણે આપણી રીતનું નામસ્મરણ કરતા રહેવું આવશ્યક છે, કારણ કે એ નામસ્મરણ જ આપણને સદ્‌ગુરુની ભેટ કરાવી આપે છે.

'શ્રી ગોંદવલેકરનાં પ્રવચનો', પ્ર.આ., પૃ. ૧ ❑

## (૯) સાધકે તો સદ્‌ભાવી જ રહેવું ઘટે

**શ્રીમોટા**

સૌ કોઈ માનવી પોત પોતાની રીતે પ્રેમ વ્યક્ત કરે છે. સાધારણ રીતે કોઈ આપણને સંતોષ થાય તે રીતે વર્તે તો જ તે આપણને પ્રેમ કરે છે એમ આપણને લાગે છે. વળી, આપણને સંતોષ તો ત્યારે જ થાય છે કે જ્યારે આપણી માન્યતા, આપણી સમજણ કે આપણી ટેવ-રીત વગેરે પ્રમાણે તે કોઈ આપણી સાથે વર્તે. સામાન્ય માનવીના જીવનની આવી હકીકત છે.

પરંતુ જે સાચી રીતે સાધક થવાને મથે છે, તેનાથી તે રીતે વર્તવાનું નહિ બની શકે. **સાધક તો પોતાની સમજણ, પોતાની ટેવો વગેરેને હથોડા વતી તોડવાને ઇચ્છે છે.** વળી, તેવો સાધક સમજી સમજીને બીજા સાથે માયા, મમત્વ, રાગ, મોહ, કામ વગેરેનાં પાશ બંધનથી મુક્ત થવા વર્તતો હોય છે. સાધક તેનાં સ્વજનોને અતડો અને અડવો લાગશે, પણ તેથી કરીને સાધક પાછાં પગલાં ભરી શકે તેમ નથી, જો તેને સાધનાને માર્ગે રહેવું હોય તો.

પ્રેમને વ્યક્ત થવાની રીત કોઈ બીબામાં જકડાઈ ગયેલી હોતી નથી. પ્રેમને જે રીતનો માનીએ અને જે રીતે તેને વ્યક્ત થવાપણું હોય તેમાં આપણને સંતોષ થવો જ જોઈએ એવી માન્યતામાં નર્યું અજ્ઞાન રહેલું છે. જીવનના સાધકને સાધનાની ભાવનાની રીતે વર્તવાનું થાય ત્યારે તેનાં સ્વજન તેને બરાબર નહિ સમજી શકે. ક્યારેક સ્વજન તેનાથી વેગળા થશે. તોપણ **સાધકે તો પોતાની રીતે પ્રેમ અને સદ્‌ભાવ જ વ્યક્ત કરવાનો રહે છે. જો તેમાં સ્વજન પરત્વે અણગમો પ્રગટે તો તેની સાધના બરાબર નથી એમ જાણવું.**

પોતાનાં જ સ્વજનોનો સાધક પરત્વે વિરોધ પ્રગટે એ તો સમજી શકાય તેવું છે. સાધકે જો જીવનની ગતિના પંથે પળવું હોય તો સ્વજનોના તેવા વિરોધ સામે જ્ઞાનપૂર્વક નમતા ના હોઈએ તે પણ સમજાય તેવું છે, પરંતુ તેમાંથી સંઘર્ષણ અને અથડામણ, વિરોધ વગેરે પેલાં સ્વજનોને થયા કરતું હોય છે, કારણ કે તેઓ જીવદશામાં છે. એટલે સાધક તેનો ઉકેલ કાઢી શકશે નહિ. છતાં સમજાવવાને ખાતર સાધક યોગ્ય સ્પષ્ટીકરણ એકબે વાર જરૂર કરે, પરંતુ તેથી કરીને જો સ્વજનમાં સાચી સમજણ ના પ્રગટી શકતી હોય તો સાધકે તો સ્વસ્થ જ રહેવું અને કંઈ કશાની માથાઝીકમાં ના પડવું. આપણે આપણી રીતમાં અને વર્તનમાં ભાવનાથી જ મથ્યા જવું. સાથોસાથ એવા સ્વજન પરત્વે સદ્‌ભાવમાં ઊણપ ના પ્રગટે, બલકે વધારો થયા કરે એ રીતે આપણે તેમની સાથે વર્તતા રહેવાનું છે, તે જાણશો. આપણે વારંવાર સમજાવવાની જરૂર ના હોય કે આપણું વર્તન બરાબર અને યોગ્ય છે. **સમજાવવાથી કોઈ સમજી જાય છે, એવું નથી હોતું. સમજવાની ભૂમિકા પાક્યા વિના સમજણ ઊતરવી સહેલ વાત નથી.**

આપણાં સ્વજન આપણને ખેંચીને પછાડ ખવડાવવાને પણ મથવાનાં. આ બધાં ભયસ્થાનો છે. તેમાં જો અટવાઈ પડ્યા તો મૂઆ સમજવા. કોઈને બેળે બેળે સાથે લઈ જઈ શકવાના નથી. આ બધી હકીકતનો શાંતિ, સમતા અને તટસ્થતાથી પૂરેપૂરો વિચાર કરવાનો રહે છે તે જાણશો.

'જીવનમંથન', પ્ર. આ., પૃ. ૨૯૩ ❑

# (૧૦) સ્ત્રી-સન્માનની સંસ્કૃતિ

અજ્ઞાત

સ્ત્રી-સન્માનની આજે તો માત્ર વાતો જ થઈ રહી છે. હજી નજીકના જ ભૂતકાળમાં 'સ્ત્રી-સન્માન' વર્તનમાં કેવું અને કેટલું બધું વણાઈ ચૂકેલ હતું એની સાખ પૂરતાં કંઈ પ્રસંગો ઈતિહાસમાં પ્રસિદ્ધ છે.

આવા અનેકાનેક પ્રસંગોમાંનો એક પ્રસંગ છે : જોગીદાસ ખુમાણનો ! આ પ્રસંગ વાંચતા જ એવા એ બહારવટિયાઓને બિરદાવવાનું મન થશે કે, જેમણે વિફરેલી વાઘણ જેવા વેરવસૂલાત ખુન્નસને, એક સ્ત્રીની મર્યાદા જાળવા ખાતર જ વાત્સલ્યમાં પલટાવી દીધું ! અને સંસ્કૃતિની સીમાનો ભંગ તો ન જ કર્યો.

જોગીદાસ ખુમાણનું બહારવટું જ્યારે ભાવનગરની આસપાસના ગામોમાં ત્રાહિમામ પોકારાવી ગયું, ત્યારે ત્યાંના રાજવીએ કડક પગલાં ઉઠાવીને જોગીદાસના ગામગરાસ પડાવી લીધાં. આટલું અધૂરું હોય, એમ એના બાપને પકડીને એનું કમોત નીપજાવ્યું.

જોગીદાસ ખુમાણ ભાવનગર સામે પિતૃહત્યાના આ વેરની વસૂલાત લેવા થનગની રહ્યો પણ ભાવનગર રાજ્ય પર વેર વાળવું, કંઈ સહેલી વાત નહોતી ! પિતૃહત્યાનો આ પ્રસંગ બન્યા પછી તો ખુમાણના ગુસ્સાનો પાર ન રહ્યો અને એણે આસપાસ બેફામ-લૂંટ ચલાવવા માંડી. લૂંટની આ પીડામાંથી પ્રજાને ઉગારવા રાજાએ ખુમાણની ધરપકડ કરનાર માટે મોટું ઈનામ જાહેર કર્યું પણ એથી તો ખુમાણના હૈયામાં સૂતેલી વેરની વાઘણ વધુ માત્રામાં વિફરી અને એ વાઘણ ભાવનગર પર તાતી-તરાપ મારવાની તક ગોતી રહી.

એક વખતની વાત છે-ખુમાણ કોઈ જંગલના રસ્તેથી પોતાના મુકામે સિધાવી રહ્યો હતો. અલક-મલકની વાતો ચાલી રહી હતી. ભરજંગલ શરૂ થયું-ન થયું, ત્યાં તો કોઈ અજ્ઞાત-દિશામાંથી સહાય માટેનો સાદ આવ્યો. સાદ કોઈ સ્ત્રીનો હોય, એવું જણાતાં જ ખુમાણ એ દિશા તરફ દોડી ગયો. બહારવટિયો હોવા છતાં 'સ્ત્રી-રક્ષા'નું કર્તવ્ય અદા કરવામાં એ પાછો પડે એવો ન હતો.

ભાવનગરના રાજાની કુંવરી થોડાંક રસાલા સાથે જંગલ વીંધીને ક્યાંક જઈ રહી હતી. જ્યાં ભર જંગલ શરૂ થયું ત્યાં જ થોડાંક લૂંટારાઓએ દેખા દીધી અને સૌનો સામનો કરીને એમણે કુંવરીને લૂંટવા માંડી. અજ્ઞાત દિશામાંથી ખુમાણને સંભળાયેલો સાદ આ કુંવરીનો હતો.

જોગીદાસ ખુમાણ મારતે ઘોડે સાદનાં એ સ્થળ પર જઈ પહોંચ્યો. એણે લૂંટારાને પડકાર્યા. ખબરદાર ! એક કદમ પણ આગે બઢ્યા છો તો ! એક સ્ત્રી-જાતને લૂંટતા શરમાતા નથી !

લૂંટારાઓ પણ પડકારનો પ્રતિકાર વાળવા ઘૂરક્યા : અમને ખબરદાર કહેનાર તું વળી કોણ ? અમે કંઈ કુંવરીની લાજ લૂંટવા નથી બેઠા. અમારે તો માત્ર આ દર-દાગીનાનું જ કામ છે. એક હરફ પણ હવે ઉચ્ચાર્યો છે તો આ બંદૂક તારી સગી નહિ થાય.

ખુમાણ છંછેડાયો. બંદૂકવાળી ! તારી

બંદૂકથી બીએ એ બીજા. આ જોગીદાસ ખુમાણ નહિ હોં. સીધે સીધા ચાલતી પકડો છો કે, પછી મારે આ ઘોડા પરથી નીચે ઊતરવું પડશે.

જોગીદાસનું નામ સાંભળતાં જ લૂંટારાઓ ઊભી પૂંછડીએ નાઠા. ભાવનગરના રાજાની કુંવરી થરથર ધ્રૂજવા માંડી. કારણ જોગીદાસ તો ભાવનગર પર વેર વાળવાની તક જ તાકી રહ્યો હતો. લૂંટારાઓની ઉલમાંથી ઊગર્યા, તો ખુમાણની ચૂલમાં ફસાવાનો જીવલેણ પ્રસંગ મોં ફાડીને ઊભો હોય, એમ કુંવરીને અને રસાલાને લાગ્યું. જોગીદાસને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. એણે અનુમાન કરી લીધું કે, જરૂર આ કુંવરી ભાવનગરની હોવી જોઈએ એ સિવાય આમ આ થરથર ધ્રૂજે નહિ.

ખુમાણે નિર્ભયતાનો કોલ આપતાં કહ્યું કે આપ ડરો નહિ. હું બહારવટિયો હોવા છતાં પહેલો માનવ છું. મારેય મર્યાદા છે. સંસ્કૃતિની સીમાબંધીમાં રહીને જ લૂંટ-ફાટ કરવાની મારી ટેક છે. ડરો નહિ, મને એક સગાભાઈની જેમ નેહથી નિહાળો.

નેકવચની ખુમાણનો આ કોલ સાંભળીને કુંવરીના જીવમાં જીવ આવ્યો. એણે કહ્યું, ખુમાણ ! તમારું નામ સાંભળતા જ મેં જીવનની આશાથી હાથ ધોઈ નાખ્યા હતા. મને તો વિશ્વાસ બેસી ગયો હતો કે, પિતૃહત્યાના બદલાની આગ મને ભડથું બનાવ્યા વિના નહિ જ છોડે. સંસ્કૃતિના પાણીથી પાંગરેલી માનવતા પરથી વિશ્વાસ ગુમાવી દઈને, તમારા માટે મેં આવો અજુગતો વિચાર કર્યો, એ બદલ હું આપની ક્ષમા ચાહું છું.

ખુમાણે પોતાના સાગરીતોના ચહેરા જોયા, તો ત્યાં વેર-વસૂલતાનું ખુન્નસ ઊભરાતું જણાયું. સંસ્કૃતિ અને સ્ત્રી-રક્ષાનો પ્રેમી ખુમાણ મર્યાદાની પાળ તોડવા તૈયાર ન હતો. એણે કુંવરીને કહ્યું :

'કુંવરીબા ! પિતૃહત્યાના વેરનો અગ્નિ હજી જો કે શાંત પડ્યો નથી, એ તો ભડભડ કરતો ધખી જ રહ્યો છે. છતાં નારીની વહારે ધાવું, એ તો અમારું કર્તવ્ય છે. એમાં વળી આપ તો અમારા કુંવરીબા છો. ભાવનગર સાથે અમારે વેર છે, એની આડ ધરીને હું આપને લૂંટાવા દઉં, તો તો મારી માનું દૂધ લાજે, અને વેરની વસૂલાતનું ખુન્નસ આપનો એક વાળ પણ વાંકો કરે, તો તો મારી આગલી-પાછલી બોંતેર પેઢી બાયલી પુરવાર થાય. અમે આપના જ પ્રજાજન છીએ. આ રાજ્યનું જ લૂણ અમારા લોહીમાં ભળેલું છે. બાપુને અમારા તરફથી ઘણી ખમ્મા સાથે કહેજો કે, સંસ્કૃતિની સીમાબંધી હજી મરી પરવારી નથી. આવી સંસ્કૃતિના સ્નેહી બહારવટિયા વતી મારા તરફથી બાપુને ઝાઝાં જુહાર જણાવજો.'

જોગીદાસ ખુમાણે પોતાના સાગરીતોને કહ્યું, 'લૂંટારાઓના લફરામાંથી છોડાવા માત્રથી આપણી જવાબદારી પૂરી થતી નથી. ચાલો, નિર્ભય-પ્રદેશ શરૂ થાય ત્યાં સુધી આ કુંવરીને વળાવી આવીએ.'

સ્ત્રી-સન્માન અને સ્ત્રીની સુરક્ષાની આવી અદ્‌ભુત હતી આપણી સંસ્કૃતિ-સીમા !

'સ્પર્શ', પ્ર. આ., પૃ. ૧૧૪ ❑

## (૧૧) આત્માનુભવ માટે બુદ્ધિ અને હૃદયની એકતા અનિવાર્ય

કવિ સાગર જગન્નાથ ત્રિવેદી

આત્માનુભવ માટે બુદ્ધિ અને હૃદયની બંનેની જીવનમાં વિવેકપૂર્ણ એકવાક્યતા કરવાની જરૂર છે. કારણ એ છે કે એકલું હૃદય તો પોચું, નબળું અને જલ્દી વ્યામોહમાં ફસાઈ જાય તેવું છે અને એકલી બુદ્ધિ અક્કડ, ફાંકાવાળી અને નાસ્તિકતાવાળી-એટલે વિનાશને માર્ગે લઈ જનારી છે. આટલા માટે વખતોવખત તેના ઉપર પ્રજ્ઞાનના કાબૂની ખરેખરી જરૂર છે.

હૃદયની મુલાયમ અને મૃદુતા-ભરેલી કાલી કાલી વાતોથી પ્રેમને નામે મનુષ્ય મોહ પામે છે અને ફસાય છે તેમ બુદ્ધિની જબરી વાતો મનને જીતી લે છે અને માણસ પ્રભુના અનુભવ વગર જ પોતાને મહાન માની લે છે.

**આપણી જિંદગાનીના સુખ અને દુઃખના જવાબદાર આપણા પોતા વિના બીજું કોઈ નથી.** બીજા તરફથી સુખ કે દુઃખ આવતાં દેખાય તે માત્ર નિમિત્તરૂપ હોય છે, પણ એમને નિમિત્ત બનાવનાર મૂળ કારણ માત્ર પોતામાં જ હોય છે. શોધનારને આ બધું સ્પષ્ટ થાય છે અને બહાર ફાંફાં મારનારને અસંતોષ જ રહ્યા કરે છે.

માણસ પોતે પોતાને બહુ લાંબા વર્ષો પછી, લાંબા અનુભવ પછી જ ઓળખી શકે છે. પોતાની અંદરનો પ્રદેશ માણસ સહેલાઈથી જોઈ શકતો નથી. જિંદગાની સફળ કરવા માટે મનુષ્યને અંદરના બધા સંબંધો અમુક કાળ માટે છોડવાની જરૂર છે અને બધા સંબંધોમાં જે જે સંબંધ હૃદયને મોહ પમાડે યા તો બાંધી રાખવા જેવું કરે તેણે તો આવા સંબંધો આગ્રહથી છોડવા જોઈએ કારણકે એનું નામ જ મોહ છે.

હૃદયને નિર્ગુણની પ્રભુતા વિના બીજું કશું બાંધી રાખનારું ન હોવું જોઈએ. જીવનને બાંધી રાખનારી અને ઊડવામાં અંતરાય કરનારી તો માયા જ છે. માયા કોઈવાર સ્નેહનું કે મિત્રતાનું સ્વરૂપ ધારણ કરીને આવે છે, ત્યારે એને છોડવી બહુ મુશ્કેલ પડે છે પણ આખરે તો ગૌતમ બુદ્ધની વીરતા વિના સિદ્ધિ નથી જ નથી....

આત્માનુભવ માટે જીવાત્માએ આ મોહમયી માયાનગરીમાંથી પાછા ફરવું જોઈએ અને બ્રહ્મપુરી-વતન તરફ અભિમુખ થવું જોઈએ. જ્ઞાનનો ઉપયોગ જેમ પૂર્ણતા જોવામાં કરવાનો છે તેમ અપૂર્ણતાના દરેકે દરેક અંશને છેદી ભેદીને જોવામાં પણ કરવાનો છે.

નામ-રૂપ-ગુણનું સ્વરૂપ passive મન ઉપર એટલું બારીક વણાઈ ગયેલું હોય છે કે એના તંતુએ તંતુનું છેદનભેદન ઝટ લઈને થઈ શકતું નથી. છેલ્લાં કેટલાંય વરસોથી 'હું' પોતાને મારો દુશ્મન જુવે એવી આંખથી જોતો આવું છું અને કોઈ વિચિત્ર પ્રકારની સમાધિમાં કાલનિર્ગમન કરું છું.

કોઈની સાથે કશો વિશિષ્ટ સ્નેહ એ જ માયા. નામ-રૂપ-ગુણનું એક પણ તાબૂત દિલને ખેંચવું ન જોઈએ.

'દિવાને સાગર', દફતર બીજું, પ્ર. આ., પૃ. ૫૭૧ ❑

# (૧૨) મુક્ત હોય તે મુક્તિ અપાવે

સ્વામી શ્રીનિત્યાનંદ

સાંજના સમયે ત્રિભુવનભાઈ પૂછવા લાગ્યા કે, જેઓ માયિક પદાર્થમાં મોહમમતાથી બંધાઈ ગયેલા હોય, તેઓ બીજાને માયાના બંધનમાંથી છોડાવી શકે ખરા ?

આ સાંભળી સ્વામી શ્રીનિત્યાનંદજીએ કહ્યું કે, કબીર મહારાજ કહે છે કે :

*બંધે સે બંધા મિલા, છૂટે કો ન ઉપાય,*
*સંગત કરીએ નિર્બંધ કી, પલ મેં દેય છુડાય.*

આ ઉપર દૃષ્ટાંત છે કે, એક રાજાને ભાગવત ઉપર અતિ શ્રદ્ધા હતી. જેથી એક વિદ્વાન વ્યાસ પાસે તે રાજા ભાગવત શ્રવણ કરતા હતા. નિયમસર પાંચસાત વર્ષ સુધી ભાગવત શ્રવણ કર્યું. પછી તેણે વ્યાસને પૂછ્યું કે પરીક્ષિત રાજાને માત્ર સાત જ દિવસ ભાગવત શ્રવણ કરવાથી પ્રભુદર્શન થયાં હતાં, પણ હું તો આટલાં વર્ષોથી શ્રવણ કરું છું. છતાં મને પ્રભુદર્શન કેમ થતાં નથી ? આ પ્રશ્નનો ત્રણ દિવસમાં જવાબ આપવા રાજાજીએ વ્યાસને કહ્યું. વ્યાસ પાસે આ માટે કોઈ જવાબ ન હતો. તેથી, તેઓ ઉદાસીન થઈ પોતાને ઘેર ગયા.

હવે, એક સંન્યાસી ભીક્ષા માગવા માટે વ્યાસને ત્યાં આવ્યો ત્યારે વ્યાસને ઉદાસીન જોતાં તેનું કારણ પૂછ્યું. વ્યાસજીએ બધી વિગત કહી સંભળાવી. એટલે સંન્યાસીએ કહ્યું કે આ પ્રશ્નનો જવાબ તેઓ આપશે, પરંતુ તે માટે પોતે જેમ કહે તેમ રાજાએ કરવું પડશે. તે પ્રમાણે બધું નક્કી થતાં સંન્યાસી, રાજાને ત્યાં આવ્યા અને સંન્યાસીએ રાજા તથા વ્યાસને સામસામે જુદે જુદે થાંભલે બાંધી દીધા. પછી રાજાને છોડાવવા માટે વ્યાસને સંન્યાસીએ આજ્ઞા કરી, પરંતુ તે શક્ય ન હતું. તે ઉપરથી સંન્યાસીએ રાજાને કહ્યું કે આ વ્યાસ અવિદ્યાથી બંધાયેલ છે અને આપ પણ બંધન-યુક્ત છો. એટલે **બંધનયુક્ત બંધનવાળાને કેવી રીતે છોડાવી શકે ?**

વળી, આ સંબંધમાં ભક્તરાજ અખો કહે છે કે :

(છપ્પા)

*કથા કરી તે શુકજીએ કરી, પરીક્ષિતને મેળવ્યા હરિ,*
*શિખ થઈ ત્યારે આપ્યું શું, નગ્ન થઈ ગયા વનમાં પશુ,*
*નિસ્પૃહીની એવી છે કથા, બીજી અખા પેટ ભરવાની વ્યથા.*

એટલે કે ખરી કથા તો શુકદેવજીએ કરી હતી અને રાજા પરીક્ષિતને સાત દિવસમાં ઈશ્વરસાક્ષાત્કાર કરાવ્યો. શુકદેવજીએ પણ કથા પૂર્ણ થતાં (શિખ) દક્ષિણા વગેરે કંઈ લેવું તો એક બાજુએ રહ્યું પણ ઊલટાં વસ્ત્રો ફેંકી (પોતે કંઈ પહેરતા ન હતા પણ કથા વખતે બીજાઓએ તેમના શરીર ઉપર વસ્ત્ર વીંટાળ્યું હતું.) નગ્ન થઈ જંગલમાં ચાલ્યા ગયા.

(છપ્પા)

*વ્યાસ વેશ્યાની એક જ પેર, વિદ્યા બેટી ઉછેરી ઘેર,*
*વ્યાસ કથા કરે ને રડે, જાણે દ્રવ્ય અદકેરું જડે,*
*જો જાણ્યે વાંચ્યાની પેર, અખા કાં ન વાંચે પોતાને ઘેર ?*

પહેલાં વેદશાસ્ત્રનો અભ્યાસ ખાસ જ્ઞાન માટે કરવામાં આવતો હતો. કંઈ કથા કરવા

માટે કરવામાં આવતો નહિ, પણ આજકાલ તો શાસ્ત્રનો અભ્યાસ મોટે ભાગે માનપ્રતિષ્ઠા મેળવવા સારુ, તેમ જ દ્રવ્યાદિકની પ્રાપ્તિ માટે જ કરવામાં આવે છે. એટલે **શાસ્ત્રાભ્યાસ નિર્વાહનું સાધન બન્યું છે. પહેલાં જ્યોતિશાસ્ત્ર, વૈદશાસ્ત્ર વગેરેનો અભ્યાસ પરોપકાર માટે જ થતો.**

સ્વામી પ્રકાશાનંદજીએ કહ્યું કે જે ક્રિયાવાન છે તે જ માણસ છે. ફક્ત સારા વિચાર કરવાથી કે ઔષધના નામ લેવાથી રોગીનો રોગ મટતો નથી.

વળી, ગીતા વાંચ્યા પછી રાગદ્વેષાદિ આસુરી અને રાક્ષસી સ્વભાવની નિવૃત્તિ થવી જોઈએ, તેમ જ દૈવી સંપત્તિ ધારણ કરી આત્મસાક્ષાત્કાર કરવો રહ્યો. એમ ના કરનાર શાસ્ત્ર ભણ્યાં છતાં પણ મૂર્ખ જ છે. એટલે કે પઠિત મૂર્ખ છે.

સ્વામી રામદાસ પણ પોતાના અભંગમાં આવા પઠિતમૂર્ખ અંગે કહે છે કે :

ઉત્તમ પુસ્તકોનું શ્રવણ નિત્ય કરવા છતાં પણ જે પોતાના અવગુણને છોડે નહિ તે પઠિતમૂર્ખ છે. જેનામાં ભક્તિનું સાધન નથી, વૈરાગ્ય કે ભજનભાવ નથી અને જે આચરણ કર્યા વગર માત્ર બ્રહ્મજ્ઞાનની વાતો જ કરે છે તે પઠિતમૂર્ખ છે. જ્ઞાનની વાતો બોલીને જે પોતાનો સ્વાર્થ સાધે અને કૃપણ થઈ જે ધનનો સંચય કરે તે પઠિતમૂર્ખ છે. જે બહુશ્રુત અને બુદ્ધિમાન થઈને બ્રહ્મજ્ઞાનની વાતો કરે, છતાંય મનમાં દુરાશા અને અભિમાન રાખે તે પઠિતમૂર્ખ છે. ઉપરાંત, અધિકાર વિના વ્યાખાન આપવાનો વૃથા શ્રમ લેનાર, કઠિન વચનો બોલનાર અને બીજાની ખોડખાંપણો કાઢી પોતે દેહાભિમાન રાખનાર પઠિતમૂર્ખ છે. પોતાના દોષોનું ભાન રાખ્યા વિના અન્યના દોષો કાઢનાર, પરમાત્માને મૂકીને મનુષ્યની સ્તુતિ કરનાર પઠિતમૂર્ખ છે. પોતાના વૈભવમાં મસ્ત બનીને સદ્‌ગુરુની ઉપેક્ષા કરનાર તેમ જ પોતાની ગુરુપરંપરા છુપાવનાર પઠિતમૂર્ખ છે. શાસ્ત્રને જાણીને તે પ્રમાણે ક્રિયા ન કરનાર મૂર્ખ છે. જે ક્રિયાવાન છે તે જ માણસ છે, પુરુષ છે.

'વાર્તાલાપ', પ્ર. આ., પૃ. ૨૯૯ ❑

---

**શબ્દોચ્ચારનું...(અનુસંધાન પૃ. ૧૩નું ચાલુ)**

જો આ ચાર બાબતો વિશે ધ્યાન રાખીને સારી રીતે મંત્રોચ્ચાર કરવામાં આવે તો તેનાં આંદોલનો પાંચે પ્રાણ મારફતે શરીર, વાણી, મન અને બુદ્ધિની શુદ્ધિ કરે છે, પરંતુ **ભાવનાશુદ્ધિ અને વિચારશુદ્ધિ માટે મંત્રોના અર્થચિંતનની આવશ્યકતા હોય છે** અથવા તો વારંવાર વિનિયોગનું આવર્તન કરવાની જરૂર હોય છે. અથવા આ મંત્રજપ પાછળ શો હેતુ છે, કઈ ઇચ્છાને કેંદ્ર કરીને આ જપતપાદિ સાધન કરી રહ્યો છું તેનો વારંવાર સંકલ્પ કરતા રહેવાથી ઇચ્છાશક્તિની અભિવૃદ્ધિ થાય છે અને સાથે સાથે ભાવના અને વિચારોને પણ પોષણ મળે છે અને તે પ્રમાણે સાધનામાં સફળતા મળે છે.

'જીવનવિજ્ઞાન', પ્ર. આ; પૃ. ૧૦૫ ❑

## (૧૩) ગાંધીજીના બે પ્રસંગનું સ્મરણ

કિસનસિંહ ચાવડા

યાદ તો છે કે ૧૯૩૩ની સાલ હતી. ઇંદોરમાં હિંદી સાહિત્ય સંમેલન મળ્યું હતું. પ્રમુખ હતા ગાંધીજી. સંમેલનના સૂત્રધાર બાબુશ્રી પુરુષોત્તમદાસ ટંડનની આંખ નીચેથી એક એક વિગત પસાર થતી હતી. ગાંધીજીનો ઉતારો રાયબહાદુર હીરાલાલની 'ડાયમંડ કોઠી'માં હતો. સંમેલન રોનકદાર હતું. ગાંધીજીને ખુશ કરવાના થઈ શકે એટલા બધા જ પ્રયત્નો કરવામાં આવ્યા હતા, પરંતુ ગાંધીજી તો મોટા મોટા ચક્રવર્તીના ઠાઠમાઠથી પણ અંજાઈ જાય એમ ન હતું. એમને પ્રસન્ન કરવા માટે તો કાર્યનિષ્ઠા, દૃષ્ટિ સંપન્નતા અને હૃદયધર્મથી શોભતી માનવતા જોઈએ. ગાંધીજીની દૃષ્ટિ આ વસ્તુઓની શોધ કરતી જ રહેતી હતી. એટલે વિષયનિર્ણાયક સમિતિમાં **બાપુનું વલણ તો પ્રજાકલ્યાણનાં કામમાં સાહિત્ય કેવો અને કેટલો ભાગ ભજવી શકે એ જ પકડવામાં રોકાયેલું હતું.** એટલે બધા ઠરાવોની ચકાસણી એ દૃષ્ટિએ થતી. બધાં જ ભાષણોના સરવાળાનું મૂલ્ય એ હિસાબે કરાતું. એટલે સમિતિના પ્રારંભનું એમનું પ્રવચન એ જ રીતે થયું. એના પાયામાં એમણે પ્રજાધર્મને વચ્ચે લાવીને સાહિત્યને મૂક્યું. **પ્રજાનું દરિદ્ર દૂર કરે, એની દીનતા હઠાવે, એમાં દૈવત પૂરે, એને પુરુષાર્થી કરે, એની શક્તિને વિકસાવે અને તેના તેજને વધારે એ સાહિત્યનું અને સાહિત્યકારનું વ્રત હોવું જોઈએ.** એવું દર્શન બાપુએ પોતાની હૃદયદ્રાવક સંનિષ્ઠ વાણીમાં મૂક્યું. એટલે સંમેલનની આખી હવા એમણે બદલી નાખી. કવિઓનાં મુખ પડી ગયાં. વાર્તાકાર મૂંગા થઈ ગયા. સાહિત્યકારો લગભગ ઉદાસ બની ગયા. ત્યાં તો એક ઠરાવ વખતે કાનપુરવાળા શ્રી.બાલકૃષ્ણ શર્મા 'નવીન' ઊઠ્યા. 'કુંકુમ'ના એ કવિએ કવિતાની મસ્ત બંસી છોડી એક પછી એક કાવ્ય લલકારતા જાય અને ગાંધીજીને સંભળાવતા જાય. જનતાને કહેતા જાય કે સાહિત્ય જનતાની દાસી નથી. એની પગચંપી કરવા માટે એ નથી. સાહિત્ય પ્રજાનું ફરજંદ છે. જેવી પ્રજા તેવું સાહિત્ય-ગાંધીજી જેવી વિભૂતિ આ પ્રજામાં જન્મી છે અને જીવે છે એટલે એનું સાહિત્ય પણ એ શિખરને પહોંચશે. ગાંધીજીનું પોતાનું સાહિત્ય પણ એની સાક્ષી પૂરે છે.

આમ હિંદી સાહિત્ય સંમેલને પ્રજા અને સાહિત્યનો સંબંધ ગાઢ કર્યો. ગાંધીજી પણ કવિની મસ્તી અને મુક્તિ જોઈને પ્રસન્ન થયા. એમને તો જ્યાં જ્યાં શક્તિ અને સંનિષ્ઠાનાં દર્શન થતાં ત્યાં ત્યાં એમનું સ્મિત સુગંધ છલકાવ્યા વિના રહેતું નહિ.

સંમેલન પછી સર હુકમચંદને ત્યાં ગાંધીજીને જમવા બોલાવ્યા હતા. સાથે એમની સાથેના મંડળને પણ નિમંત્રણ હતું. લગભગ પચાસેક પાટલા પડ્યા હતા. દરેક પાટલે ચાંદીના ટાટ, ચાંદીના વાટકા અને ચાંદીના લોટા પવાલાં મુકાયાં હતાં. પણ ગાંધીજી બેસવાના હતા એ પાટલે સોનાનાં થાળીવાટકા અને લોટા

પવાલાંની સજાવટ હતી. ગાંધીજીએ ચોકમાં આવીને આ વૈભવભર્યો ઠાઠ જોયો અને સહેજ હસ્યા. સાથે કસ્તુરબા હતાં. એમની પાસેથી બાપુએ એક ઝોળી લીધી. એમાંથી પોતે જેલમાં જે વાસણોમાં જમતા હતા તે ઍલ્યુમિનિયમનો પહોળો વાટકો અને પવાલું કાઢ્યાં. હુકમચંદજીએ આજીજીભર્યે સ્વરે ગાંધીજીને સોનાની થાળીમાં જમવાની પ્રાર્થના કરી. બાપુએ હસતાં હસતાં કહ્યું કે **જમ્યા પછી જો આ વાસણો લઈ જવા દો તો એમાં જમું.** હુકમચંદ શાંત રહ્યા. બાપુએ સોનાનાં વાસણોવાળો પાટલો દૂર ખસેડી પોતાનાં જેલનાં વાસણોમાં પોતાનો જ ખોરાક લીધો. બાકીના અમે પચાસ માણસોને ગળે માંડ કોળિયો ઊતર્યો. હુકમચંદ કરોડાધિપતિ કહેવાતા. કરોડોએ પણ એમની અલ્પતાને વારી નહિ.

(૨)

નાની સરખી એક બાલિકા. એના ભાગ્યમાં બાપુની સેવા હતી, એમનો સ્નેહ હતો અને એમનો સહવાસ હતો. બાપુ જ્યારે પંચગીનીથી નીકળવાના હતા ત્યારે કનુ ગાંધી પાસેથી એ બાલિકાએ બાપુ અને બાની એક ભેગી છબી મેળવી. એના ઉપર એને બાપુના આશીર્વાદ જોઈતા હતા. છબી લઈને એ તો પહોંચી બાપુ પાસે. પાંચ છ વર્ષની એ છોકરી કહે બાપુ, આ છબી ઉપર ‘બાપુના આશીર્વાદ’ લખી આપો. બાપુ કહે એની તો કિંમત પડે. છોકરી કહે કે હું કિંમત આપીશ.બાપુએ કહ્યું તો તારા કાનનાં એરિંગ કાઢી આપ. છોકરીએ કહ્યું કાઢી લ્યો. પણ બાપુએ શરત કરી કે તારાં એરિગં ત્યારે જ લઉં જ્યારે તું મને વચન આપે કે હવે ભવિષ્યમાં તું કદી કાનમાં એરિંગ નહિ પહેરે. કોઈ સંકોચ વિના એ છોકરી તરત જ કબૂલ થઈ. ગાંધીજીએ સૌની હાજરીમાં એના કાનમાંથી એરિંગ કાઢી લીધાં. છબી ઉપર ‘બાપુના આશીર્વાદ’ લખી આપ્યા.

એક વખત એના જેટલી ઉંમરની છોકરીઓને એણે બહુ જ ફૅશનવાળાં એરિંગોમાં જોઈ. એને મન થયું કે પોતે પણ એરિંગ પહેરે તો શું ? પણ એને બાપુને આપેલું વચન યાદ આવ્યું. એકાદ વડીલ બાઈ, જેમનામાં એને શ્રદ્ધા હતી તેમની સલાહ લીધી. એમણે ગાંધીજીને પત્ર લખીને પુછાવવાની સલાહ આપી. પણ દરમિયાનમાં એ વાત ભુલાઈ ગઈ. તે પછી બાપુના અવસાનની વાત આવી એટલે પત્ર લખીને પુછાવી જોવાની સંભાવના પણ ચાલી ગઈ. એટલે હવે તો પોતે ભવિષ્યમાં એરિંગ નહિ પહેરીને જ બાપુને આપેલું વચન પાળવાનો નિશ્ચય કર્યો. ગાંધીજીના જીવતા એમને આપેલા વચન વિશે ઢચુંપચું થયેલી એક નાની બાલિકા એમના જતાં વચન-પાલનમાં મક્કમ બની ગઈ. બાપુ જીવતા હતા ત્યારે જે શક્ય બન્યું ન હતું તે કદાચિત્ એમના મૃત્યુ પછી શક્ય બનશે એવી આશા કેમ ન રખાય ? દેહવિલય પછી મુક્ત બનીને સમસ્ત માનવ-સદ્ભાવનાને સ્પર્શે એવી શ્રદ્ધા મારા અંતરમાં ઊગી.

‘અમાસના તારા’, પ્ર. આ., પૃ. ૧૦૬ અને ૨૨૦ ❑

## (૧૪) ભાષા અંગે

**પંન્યાસ મુક્તિવલ્લભ વિજય મ. સા.**

*(શ્રી જૈન આત્માનંદ સભાનું મુખપત્ર 'શ્રી આત્માનંદ પ્રકાશ' ભાવનગરથી પ્રકાશિત થાય છે. તેના જાન્યુઆરી ૨૦૧૫ના અંકમાંથી એક લેખના આ સંકલિત અંશો છે. સં.)*

વાણી એ માનસસૃષ્ટિને વરેલું એક ઉત્તમ વરદાન છે. આ વરદાનને સફળ કરવાનું માધ્યમ ભાષા છે. **વીજળીને પસાર થવા માટે તાર જોઈએ છે, વાણીને વહેવા માટે ભાષા જોઈએ છે.**

વર્તમાન વિશ્વ આજે પણ હજારો ભાષાઓ અને બોલીઓની ભવ્ય સમૃદ્ધિ ધરાવે છે. ભાષાનું જ્ઞાન પણ જ્ઞાનના વિકાસનું એક મજાનું ક્ષેત્ર છે.

વિવિધ ભાષાઓનું જ્ઞાન હોવું તે પણ વિદ્વત્તાનું પ્રતિક છે. વિવિધ ભાષા પરનું પ્રભુત્વ એ ગૌરવ અને સન્માનનો વિષય છે. દોઢેક વર્ષ પૂર્વે જ સ્વર્ગવાસ પામેલા વિદ્વાન જૈનમુનિરાજ પૂ. શ્રી જંબૂવિજય મ. સા. પ્રાકૃત, અર્ધમાગધી, પાલિ, સંસ્કૃત, ગુજરાતી, મરાઠી, હિંદી, બંગાળી, પંજાબી, નેપાળી, ફ્રેંચ, જર્મન, ઈટાલિયન વગેરે ૧૬ ભાષા જાણતા હતા. દરેક વ્યક્તિએ પોતાની માતૃભાષા ઉપરાંત અનેક ભાષાઓ શીખવાનો શોખ અને ઉદ્યમ કેળવવો જોઈએ. અંગ્રેજી ઉપરાંત ફ્રેંચ, જર્મન વગેરે વિદેશી ભાષાઓ શિખવાનો ઉત્સાહ હજુ દેખાતો હોય છે. પણ આપણી ગૌરવવંતી અને સમૃદ્ધ ભાષાઓ શીખવાની તત્પરતા દુર્લભ બની છે. આપણો ભવ્ય અને સમૃદ્ધ સાહિત્ય વારસો આ ભાષાઓમાં આલેખિત થયેલો છે.

વિશ્વના કુલ ૩૫ દેશોમાં આજે પણ ૪૫૦ વિશ્વવિદ્યાલયોમાં સંસ્કૃત ભાષા ભણવી ફરજિયાત છે. લંડનની ચાર શાળાઓમાં સંસ્કૃત ફરજિયાત છે. અમેરિકાના ન્યૂયોર્કની અબ્રાહમ લિંકન સ્કૂલમાં સંસ્કૃત અને પ્રાચીન ગણિત ભણાવવામાં આવે છે. તુર્કસ્થાન, ઈરાન, તહેરાન વગેરે મુસ્લિમ દેશોમાં પણ સંસ્કૃત અભ્યાસક્રમો ચાલે છે. ડૉ. **રાધાકૃષ્ણન જ્યારે તુર્કસ્તાનની મુલાકાતે ગયા હતા ત્યારે ત્યાંના વડાપ્રધાને સંસ્કૃત ભાષામાં વક્તવ્ય કરીને તેમનું સ્વાગત કર્યું હતું.**

આજે જ્યારે અંગ્રેજી ભાષાનું ખૂબ ચલણ હોય ત્યારે તે અવશ્ય શીખવી જોઈએ. આજે અંગ્રેજી ભાષા આદાન અને પ્રદાન એ બંને માટે પ્રબળ માધ્યમ છે. પરંતુ ઘર બાળીને તીરથ કરવા જેવો આજે ઘાટ છે, તે ચિંતાનો વિષય છે. આ ભાષાના પ્રદેશને પોતાનો આગવો વૈભવ છે તો તેની સાથે કેટલીય વિષમતાઓ અને ઘણી મર્યાદાઓ પણ છે. આવી વિષમતાઓ અને મર્યાદાઓ અંગ્રેજી શીખવા બોલવાવાળાને અવરોધરૂપ બની શકે છે.

માતૃભાષાની અવગણના કરીને અંગ્રેજી ભાષાની તરફદારી કરનાઓને કહેવું છે કે, અંગ્રેજી ભાષા તમારે મન કદાચ સફળ હશે પણ માતૃભાષા જેટલી સરળ નથી.

અંગ્રેજી ભાષામાં શબ્દો ગુજરાતી ભાષાના શબ્દો કરતાં લાંબા હોય છે. (અસલ લેખમાં અનેક ઉદાહરણ દ્વારા અંગ્રેજી ભાષાની મર્યાદાઓ વગેરે દર્શાવાયા છે.-સં.)

અંગ્રેજી ભાષાના ઉચ્ચારના મતાંતર પણ બહુ સામાન્ય બાબત છે. યુરોપિયન, અમેરિકન અને ભારતીય ઉચ્ચાર અલગ અલગ હોય છે. જો કે આપણી ગુજરાતી ભાષામાં પણ બાર ગાઉએ બોલી બદલાય છે.

'શ્રી આત્માનંદ પ્રકાશ', જાન્યુ. ૨૦૧૫માંથી સાભાર ❑

# (૧૫) ‘જીવન’ અંગે વિચારો એ જ પ્રાર્થના

શ્રીમોટા

પ્રભુકૃપાથી જે સ્વજનો મળેલાં છે અને પ્રભુની ભાવના જગાડવાને કાજે જે મળેલાં છે, તેમને તેમને જગાડવા, ચેતાવવા, પ્રેરાવવા કાજે જ આ જીવની પ્રભુકૃપાથી પ્રવૃત્તિ છે. કોઈ કોઈ જીવને યેનકેન પ્રકારેણ મંથનમાં રખાવ્યાં કરવાને પ્રભુ કૃપા કરે અને તેઓ જીવન અંગે વિચારે એ જ પ્રભુને પ્રાર્થના છે. બધાં મળેલાં સ્વજનોનો હૃદયનો પ્રેમભર્યો સહકાર જ્ઞાનના અનુભવ થવાને કાજે જો મળ્યા કરે, તો તેમાં તો પરસ્પર વિકાસ જ થયાં કરે.

**માત્ર જો મારે પૂજાવું હોત, નામના, પ્રખ્યાતિ, મહત્તા વધારવાનું ચાહ્યું હોત, તો તો તે તદ્દન સહેલું હતું અને છે**. આ દુનિયા તો દોરંગી છે. ગતાનુગતિક છે. હજી એને યોગ્ય ઉત્તમ પરીક્ષાનું સાચું ધોરણ હાથમાં લાગેલું નથી. અનેક એને ધૂતીને ઠગી પણ ગયા છે અને ઠગી પણ રહેલા છે, પણ એથી શો દહાડો વળે ?

મારે તો આ હેતુ અર્થે મળેલાં સ્વજનોને શ્રીપ્રભુ કૃપા કરે અને બળ આપે, તો ભાન ઉગાડીને એમને ચીડવીને, એમને વળ ચડાવીને, એમને રીઝવીને, એમને ગુસ્સે કરી કરાવીને, એમને ખાડામાં નાખી કે ઊંચે ચડાવીને, ધક્કા મારીને કે ઘસડીને, ગાળો ભાંડીને તથા બીજી આવી અનેક સ્થૂળ અને સૂક્ષ્મ દ્વંદ્વની રમતથી તે તે જીવને પ્રભુકૃપાબળથી સાત્ત્વિક પ્રકારની ભાવનાથી આ જીવમાં વિચારતા અને રાગવાળા થતાં કરવા છે. તેમ કરાવવાનો અસલ હેતુ તો શ્રીભગવાન પરત્વેનો પ્રેમભાવ પ્રગટાવવા કાજેનો છે. તમારા બધાંના હૃદયનો પ્રેમભાવ મળી રહે એ જ પ્રાર્થના છે.

માટે જ માગું છું કે તમારા બધાંના પરિચયમાં પ્રભુકૃપાથી થોડું થોડું કરીને જો આવવાનું બન્યું છે તો મારા જેવા ભાગ્યાતૂટ્યાની પ્રેમસંભાળ લેશોજી. એનું કંઈ કશું ક્રોધે કરીને, રાગે કરીને, મોહે કરીને, પ્રેમે કરીને કે કોઈ બીજી રીતે કશું લાગે તો તે કાજે કશી મડાગાંઠ ન વાળી લેવા પ્રાર્થના છે. મારી જાતને કોઈને સંપૂર્ણ કદી માનવા દીધેલી નથી. પ્રભુકૃપાથી એટલું તો પ્રભુને હૃદયે રાખીને કહી શકું છું કે શ્રીગુરુમહારાજના કૃપાબળે કરીને જે કંઈ યત્કિંચિત્ શ્રીપ્રભુની કૃપાચેતના આધારે પ્રગટેલ છે, તે મારે મન નક્કર હકીકતરૂપ છે. એના અનુભવો પણ કોઈ કોઈ જીવોને પ્રભુકૃપાએ કરાવેલા છે. આ પત્ર દ્વારા પ્રાર્થના કરું છું કે આ જીવ વિશે કશું પણ અન્યથાપણે ન વિચારવાનું બને તો તે પ્રભુની પરમ કૃપા છે.

મારે કોઈના ધનની પડી નથી. કોઈની કને ધન માગ્યુંયે નથી. ધનની એવી લોલુપતાયે નથી. ધનની જીવનમાં કદી આકાંક્ષા પણ સેવી નથી, અને સત્તાનો તો શોખ કદી પણ પ્રગટેલો નથી અને વ્યક્ત પણ થયો નથી. ધન, સત્તા, મદ, અહંકાર વગેરે વૃત્તિઓ જે જીવમાં હોય

અને કામ કરી રહેલી હોય તો તેનાં લક્ષણો વ્યક્ત થયાં વિના રહી શકતાં નથી.

હા, આ જીવમાં એક પ્રકારનો 'હુંકાર' છે, પરંતુ તે હુંકારનો પ્રકાર અને જીવપણાના હુંકારનો પ્રકાર-એ બંનેના પ્રકારમાં ફરક છે. તેવા સાત્ત્વિક હુંકારમાં મદ નથી. તેવો સાત્ત્વિક હુંકાર તો જ્ઞાનના વ્યક્ત થવાપણામાંથી પ્રગટે છે, જેમ ફૂલ ખીલતાં સુવાસ આપમેળે જ જન્મે છે તેમ. તેમાં સહજતા છે.

'જીવનસોપાન', બી.આ., પૃ. ૩૩૩ ❑

**એકને જાણીએ...(અનુસંધાન પૃ. ૧૪નું ચાલુ)** સમજવું. સૂર્ય, ચંદ્ર, તારા અને પૃથ્વી એકબીજાથી લાખ્ખો અને કરોડો યોજન દૂર છે તોપણ એ સર્વ એક જ ઘડિયાળનાં ચક્ર છે અને તેથી એ સર્વનો રચનાર એક જ હોવો જોઈએ. આપણા શરીરના જે અવયવો છે, તેમનાં કામ એકબીજાથી તદ્દન જુદાં જુદાં છે છતાં એકબીજાથી છૂટાં પાડી શકાતાં નથી અને તેઓ બધાં મળીને એક જ શરીરનું (જીવવાનું) કાર્ય કરે છે. સૌની અંદર એક જ આત્મા રહેલો છે. તે જ પ્રમાણે આ વિશ્વરૂપ શરીરને ચલાવનાર તેનો આત્મા એટલે પરમાત્મા. આ વિશ્વને પરમેશ્વરનું શરીર કહ્યું છે. એ મહાન પુરુષને હજારો મસ્તક છે, હજારો આંખો છે, હજારો પગ છે. બીજી રીતે વર્ણવીએ તો આકાશ એ તેનું માથું છે, સૂર્યચંદ્ર તેની આંખો છે, વાયુ તેનો શ્વાસોશ્વાસ છે. આવા પરમેશ્વરને જાણવાથી બધું જાણી શકાય છે.

'હિંદુધર્મની બાળપોથી', સાતમી આ., પૃ. ૨૭ ❑

## (૧૬) સંસારીને

**શ્રીમોટા**

(૧)

અમારે પંથ આવીને; તમે જો મેળવ્યું ના છે;
ભલા ! ફરિયાદ તેની તો તમારા દિલને પૂછોને ?

ભલે પંથે પધાર્યા છો, પૂછું તમનેય તમ દિલને;
કર્યું શું શું ? કરો છો શું ? જરા તે તે ગણાવોને ?

બધો સંસારને માટે સમય આપી દીધેલો છે;
પ્રભુને છેક વચગાળે લટકતો સાવ રાખ્યો છે !

વળગશો ના વળગશો ના નકામા કોઈ ઠાલી તે;
વળગવું દિલ વિનાનું વળગવું સાવ મિથ્યા છે !

(૨)

હૃદય સંસારની સાથે તમારે પ્રેમ કરવો છે;
કરી લ્યો પેટ ભરી ભરીને, છતાંયે તે ન રિઝાશે !

કબૂલે છે મતિ તેવું અનુભવમાં જ આવ્યું તે;
છતાં સંસારને દિલથી અમારે તો વળગવું છે !

ભલે વળગો ! ભલે વળગો ! મુબારક રાહ તમને તે-
'પછી વળગ્યા પ્રભુને છો' ન એવી વાત કરશોયે !

નકામો છોડી દ્યો પ્રભુને, કશો ના કામનો તે છે;
ભલા ! સંસાર તમને તો ખરેખર કેવો ખપનો છે !

જીવન અનુભવગીત પ્ર.આ.પૃ.૪૩૦-૪૩૧ ❑



## વસ્તુ નહિ પણ ભાવ કામ કરે છે.

અહિંસક ભાવવાળો તીર મારે તો જરાય લોહી ના નીકળે અને હિંસક ભાવવાળો ફૂલ નાખે તોય પેલાને લોહી નીકળે.

તીર અને ફૂલ એટલાં ઈફેક્ટિવ (અસરકારક) નથી, જેટલી ઈફેક્ટિવ ભાવના છે.

વસ્તુ કામ નથી કરતી પણ ભાવ કામ કરે છે.

- દાદાભગવાન

'દાદાવાણી', એપ્રિલ-૧૫, ટા. પે.૪ સાભાર

**HARIBHAV MAY - 2015**

"Regd. under RNI No. 65683/96.
Registered under Postal Registration No. GAMC/1208/2015
(PROVISIONAL) valid upto 30-06-2015 issued by SSPO's AHMEDABAD City Division,
Permitted to post at Ahmedabad PSO on 10th of every month"
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2015
valid upto 30-06-2015



મોક્ષ તો આ કાળને વિષે પણ પ્રાપ્ત
હોય અથવા પ્રાપ્ત થાય છે,
પણ
મુક્તપણાનું દાન આપનાર એવા
પુરુષની પ્રાપ્તિ પરમ દુર્લભ છે,
અર્થાત્
મોક્ષ દુર્લભ નથી, દાતા દુર્લભ છે.

- શ્રીમદ્ રાજચંદ્ર

'શ્રીમદ્ રાજચંદ્ર-ભાગ-૨', પૃ. ૩૩૪

Printed and Published by **PRABHUDAS D. JANI** on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - **PRABHUDAS D. JANI** **E-mail : hariwanitrust@gmail.com**